# જાન્યુઆરી ૨૦૧૫

## Most IMP Current Affairs




Crack GPSC

www.crackgpsc.com

કરન્ટ શતક

Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત

# જાન્યુઆરી ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material




www.crackgpsc.com

# Most Imp Current Affairs – January 2015

## ➢ 1st week

- ભારતીય પુરાતત્વીય સર્વે (ASI)એ ઉત્તરપ્રદેશમાં બાગપતના ચન્દયાન ગામમાં ઉત્તર હડપ્પા કાળ (1900-1800 ઈ.પૂ.) સંબંધિત એક ઘરની શોધ કરી.
- હોલીવુડ અભિનેત્રી લુઇસ રેનરનું નિમોનિયાને કારણે 104 વર્ષની ઉંમરે નિધન થયું. તેઓ સતત બે ઓસ્કાર એવોર્ડ જીતનાર પ્રથમ અભિનેત્રી હતાં. તેમણે 'ધ ગ્રેટ જીગફેલ્ડ' (1936) અને 'ધ ગુડ અર્થ' (1937) ફિલ્મો માટે ઓસ્કાર જીત્યો હતો.
- પ્રખ્યાત પત્રકાર બુબ્લી જ્યોર્જ વર્ગીઝનું બીમારીને કારણે મૃત્યુ થયું. તેઓ વર્ષ 1966-1969 વચ્ચે વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના સુચના સલાહકાર હતા. 1975માં વર્ગીઝને પત્રકારત્વમાં તેમના યોગદાન માટે રેમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- બેઝી કેડ એસ્સબેસીએ ટ્યુનિશિયાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તે સાથે જ તેઓ વર્ષ 1956માં ફ્રાન્સથી આઝાદ થયા બાદ ટ્યુનિશિયાના પ્રથમ સ્વતંત્ર ચૂંટાયેલ નેતા બની ગયા. તેમણે ટ્યુનિશિયન ક્રાંતિ પછીથી ટ્યુનિશિયાના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે કામ કરી રહેલ મોનકેફ માર્જુકી વિરુદ્ધ રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી. તેઓ 2014માં બનેલ ધર્મનિરપેક્ષ નીડ્રા ટોયુન્સ પાર્ટીના સંસ્થાપક હતા.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ મિઝોરમ, મેઘાલય અને ઉત્તરાખંડમાં રાજ્યપાલની નિમણુક કરી. ઉત્તરાખંડના રાજ્યપાલ અઝીઝ કુરેશીને ટ્રાન્સફર કરીને તેમને મિઝોરમના રાજ્યપાલ બનાવ્યા. મેઘાલયના રાજ્યપાલ ડૉ. કૃષ્ણકાન્ત પોલને ટ્રાન્સફર કરીને ઉત્તરાખંડના રાજ્યપાલ બનાવ્યા. તેઓ મણિપુર રાજયપાલ તરીકેનો વધારાનો કાર્યભાર પણ સંભાળશે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીને મેઘાલય રાજ્યપાલનો વધારાનો કાર્યભાર આપવામાં આવ્યો.
- CBRE ગ્લોબલ રિસર્ચ એન્ડ કન્સલ્ટીંગના અર્ધવાર્ષિક વૈશ્વિક ભાડા ખર્ચ સર્વે 2014 (Global Prime Office Occupancy Costs survey 2014) મુજબ દિલ્હીનું કનોટ પ્લેસ દુનિયાનું છઠ્ઠું સૌથી મોંઘુ ઓફીસ પ્રિમાઈસ છે. દુનિયાનું સૌથી મોઘું કાર્યાલય સ્થળ પશ્ચિમ લંડન છે. ત્યાં વાર્ષિક ભાડા દર 274 ડોલર પર ફૂટ છે. હોંગકોંગ (સેન્ટ્રલ) બીજા સ્થાને છે.
- કેન્દ્ર સરકારે નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રીડ પ્રોજેક્ટ પર વિભિન્ન સરકારી એજન્સીઓ દ્વારા આંકડા અને સૂચનાઓની આપ-લે કરવાની આશંકાને દુર કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની

www.crackgpsc.com

રચના કરી. નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રીડ ખાનગી સૂચનાઓની સમયસર આપ-લે કરવા માટે બનાવાયેલ વાસ્તવિક તંત્ર છે. સમિતિની રચના કેન્દ્રીય ગૃહ સચિવની અધ્યક્ષતામાં કરવામાં આવશે. મુંબઈમાં 26 નવેમ્બર 2008ના રોજ થયેલ આતંકવાદી હુમલા પછી નેશનલ ઇન્ટેલિજન્સ ગ્રીડ પ્રોજેક્ટની સ્થાપના કરવાનો વિચાર કરવામાં આવ્યો હતો. વર્ષ 2009માં પ્રોજક્ટ શરુ કરવામાં આવ્યો હતો. આ પ્રોજક્ટનો હેતુ દેશ-વિદેશમાં આતંકવાદનો સામનો કરવા માટે સંરક્ષણ એજન્સીઓ તથા કાયદા લાગુ કરનારી એજન્સીઓને સૂચનાઓની આપ-લે કરવાનો છે.

- રિઅલીટી શો બિગબોસ 8માં પ્રતિસ્પર્ધી તરીકે રહેલ પ્રોફેશનલ રેસલર સંગ્રામસિંહે ડેથ કોન્ટ્રાક્ટ સાઈન કર્યો. આવું કરનાર તેઓ પ્રથમ ભારતીય બની ગયા. તેમણે 'લાસ્ટ મેન સ્ટેન્ડ ફાઈટ' અંતર્ગત આ કોન્ટ્રાક્ટ કર્યો છે. આ કોન્ટ્રાક્ટ મુજબ સ્પર્ધામાં મૃત્યુ કે ઘાયલ થવા માટે શોના ઓર્ગેનાઈઝર જવાબદાર નથી હોતા. આ સ્પર્ધા સાઉથ આફ્રિકામાં થનાર છે.
- પશુ અધિકાર સંગઠન 'પેટા ઇન્ડિયા'એ નરેન્દ્ર મોદી અને અભિનેત્રી રેખાને 'સૌથી હોટ શાકાહારી મહાનુભાવો'નો ખિતાબ આપ્યો છે. વર્ષ 2014માં વનસ્પતિમાંથી બનેલ ભોજનને અત્યંત લોકપ્રિય બનાવવા માટે તેઓને આ ખિતાબ આપવામાં આવ્યો.
- 'સ્માર્ટ' પોલિસગીરીની શરૂઆતની કવાયત અનુસાર કેન્દ્રીય ગૃહ ખાતાએ દરેક રાજ્યમાં એક મોડલ પોલિસ સ્ટેશનની સ્થાપના કરવાનો નિર્ણય લીધો.
- એ. કે. મિત્તલને રેલવે બોર્ડના અધ્યક્ષ અને ભારત સરકારના મુખ્ય સચિવ તરીકે નિમવામાં આવ્યા. તેમણે સેવાનિવૃત્ત થતા અરુણેન્દ્ર કુમારનું સ્થાન લીધું. એ. કે. મિત્તલ આ પહેલાં રેલવે બોર્ડના મેમ્બર સ્ટોક અને હોદ્દાની રુએ સચિવ હતા.
- પ્રણવ મુખરજીએ રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ બિલ 2014 પર હસ્તાક્ષર કર્યા. આ સાથે જ રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ બિલ અધિનિયમ 2014 અમલમાં આવી ગયું. આ બિલ 121મું બંધારણીય સુધારા બિલ 2014 પણ કહેવાશે. આ એક રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચ (NJAC)ની સ્થાપના કરશે જે ઉચ્ચ ન્યાયપાલિકામાં ન્યાયાધીશોની નિમણુક માટે કોલોઝીયમ સિસ્ટમનુ સ્થાન લેશે. તે NJACને સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટ્સમાં જજીસની નિમણુક માટે બંધારણીય દરજ્જો આપે છે. હવે સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટ્સના જજીસની નિમણુક રાષ્ટ્રપતિ NJACની સલાહથી કરશે. NJACના અધ્યક્ષ ભારતના મુખ્ય ન્યાયાધીશ હશે.
- યુનિવર્સીટી ઓફ ટેક્સાસ (અમેરિકા)ના સાઉથવેસ્ટર્ન મેડીકલ સેન્ટરના વૈજ્ઞાનિકોએ ચેપથી પ્રીમેચ્યોર બર્થ રોકવા માટે મદદરૂપ પદાર્થ 'હેલુરોનોન'ની શોધ કરી. હેલુરોનોન નામનો આ પદાર્થ આંખો, સાંધાઓ અને ચામડીમાં ખુબ મહત્વનો ભાગ ભજવે છે. તેની ઓળખ થવાથી પ્રીમેચ્યોર બર્થને કારણે થતા શિશુઓના મૃત્યુ રોકવામાં મદદ મળી શકે છે.

- છત્તીસગઢ સરકારે નવા વર્ષમાં રાજ્યને પ્લાસ્ટિક થેલી મુક્ત કરવાનો નિર્ણય કર્યો અને રાજ્યમાં પ્લાસ્ટિક થેલી પર પ્રતિબંધ મૂકી દીધો.
- ભારત સરકારે 65 વર્ષ જૂની સંસ્થા આયોજન પંચના સ્થાને નીતિ પંચ (રાષ્ટ્રીય ભારત પરિવર્તન સંસ્થાનNITI)ની સ્થાપના કરી. ભારત સરકારે આ પગલુ રાજ્ય સરકારો, નિષ્ણાતો તથા પ્રાસંગિક સંસ્થાઓ સહિત તમામ લાભાર્થી સાથે વિચાર વિમર્શ કર્યા બાદ ઉઠાવ્યું. દેશના વડાપ્રધાન આ પંચના અધ્યક્ષ હશે. આ સંસ્થામાં એક ઉપાધ્યક્ષ અને એક CEO હશે. ઉપાધ્યક્ષની નિમણુક અધ્યક્ષ કરશે. નીતિ પંચની સંચાલન પરિષદ હશે જેમાં બધા મુખ્યમંત્રીઓ તથા ઉપ-રાજ્યપાલોનો સમાવેશ કરવામાં આવશે.
- 1 જાન્યુઆરી 2015ના રોજ મહારાષ્ટ્ર સરકારે માહિતી અધિકાર (RTI) અરજીની ઓનલાઈન સુવિધા શરૂ કરી. આ ઓનલાઈન એપ્લીકેશન સુવિધા (ઈ-ફીલિંગ) 1 જાન્યુઆરી 2015થી ટ્રાયલ બેઝ પર ઉપલબ્ધ થશે. ઈ- ફીલિંગની સુવિધા અંગ્રેજી અને મરાઠી બે જ ભાષાઓમાં હશે. તેમાં અરજદાર પોતાની એપ્લીકેશનનું પ્રોગ્રેસ સ્ટેટસ પણ જાણી શકશે. એપ્લીકેશન ફી ઈન્ટરનેટ બેન્કિંગ અથવા ડેબીટ કે ક્રેડીટ કાર્ડ દ્વારા ચૂકવી શકાય છે.
- 1 જાન્યુઆરી 2015ના રોજ કેન્દ્ર સરકારે મહિલાઓની સુરક્ષા માટે એકીકૃત મોબાઈલ એપ 'હિમ્મત'નો શુભારંભ કર્યો. 'હિમ્મત' દિલ્હી પોલીસ ની એક એવી મોબાઈલ એપ છે જે મહિલાઓને કોઈ પણ ઇમર્જન્સી પરિસ્થિતિમાં પોલીસ કંટ્રોલ રૂમ અને તેમના સંબંધીઓને કોલ કરવાની સંમતિ આપે છે. આ એપનો ઉપયોગ માત્ર જીવન અને અંગો પર જોખમ હોય ત્યારેજ કરી શકાશે. 3 વખત ખોટી એલર્ટ થવાથી રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે.
- વેનેઝુએલાએ તેની અર્થવ્યવસ્થાએ મંદીમાં પ્રવેશ કર્યો છે તે વાતને સમર્થન આપ્યું. વર્ષના પ્રથમ ત્રણ ક્વાર્ટર્સમાં સંકોચન નોંધાયું અને નવેમ્બર માસમાં ફુગાવો પાછલા 12 માસની સર્વોચ્ચ સપાટી 63%એ પહોંચી ગયો.
- બ્રિટન સ્થિત પ્રખ્યાત અર્થશાસ્ત્રી અને ગુજરાતી મૂળના રાજનેતા લોર્ડ મેઘનાદ દેસાઈને ગુજરાતી તરીકે સમાજમાં તેમના ઉલ્લેખનીય યોગદાન માટે સરદાર વલ્લભભાઈ પટેલ વિશ્વ પ્રતિભા પુરસ્કારથી નવાજવામાં આવ્યા. આ પુરસ્કાર માટે દેસાઈની પસંદગી ગુજરાત સમાજ દ્વારા કરવામાં આવી.




www.crackgpsc.com

- કે. રાધાકૃષ્ણન (કોપ્પિલ્લિલ રાધાકૃષ્ણન) ઈસરોના અધ્યક્ષ પદેથી નિવૃત્ત થયા. તેમણે ભારતના મંગળયાન અભિયાનનું નેતૃત્વ કર્યું. પદ્મ ભૂષણથી સન્માનિત રાધાકૃષ્ણનને નેચર સાયન્સ જનરલે 2014ના 10 ટોચના વૈજ્ઞાનિકોમાં સામેલ કર્યા હતા. પૃથ્વી વિજ્ઞાન વિભાગના સચિવ ડૉ. શૈલેષ નાયકને ડીઓએસ (અંતરિક્ષ વિભાગ)ના સચિવનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો.
- કેન્દ્રીય યુવા કાર્ય અને ખેલ વિભાગે 'બોક્સિંગ ઇંડિયા' (BI)ના નામને મંજુરી આપી. હાલમાં બોક્સિંગ ઇંડિયાના અધ્યક્ષ સંદીપ જજોદિયા તથા તેના મહાસચિવ જય કોવલી છે.
- એમ. સત્યવતી દેશનાં પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ Director General of Civil Aviation, DGCA) તરીકે નિયુક્ત. આ પહેલાં તેઓ સિવિલ એવિએશનમાં એડીશનલ સેક્રેટરી અને આર્થિક સલાહકાર હતાં.
- યુનિવર્સીટી ઓફ ટેક્સાસ સાઉથ વેસ્ટર્ન મેડીકલ સેન્ટરના પ્રોફેસર જેરી શેના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોએ કેન્સર કોશિકાઓની જૈવિક ઘડિયાળને નિયંત્રિત કરનાર પરમાણુ '6-થાયોડ જી'ની શોધ કરી.
- પોર્ટુગલના ફૂટબોલ ખેલાડી ક્રિસ્ટીયાનો રોનાલ્ડોને સતત બીજા વર્ષે યુરોપના સર્વશ્રેષ્ઠ ફૂટબોલ ખેલાડી તરીકે પસંદ કરવામાં આવ્યા. તેમની પસંદગી ઉરુગ્વેના સમાચાર પત્ર 'એલ પેસ' દ્વારા કરાયેલ એક સર્વે મુજબ યુરોપિયન પત્રકારો દ્વારા કરવામાં આવી. ક્રિસ્ટીયાનો રોનાલ્ડો સ્પેનના ક્લબ રિયાલ મેડ્રિડ માટે રમે છે. આર્જેન્ટીનાના કોચ ડીએગો સિમેઓનને યુરોપના સર્વશ્રેષ્ઠ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા.
- ઈસરોના પૂર્વ અધ્યક્ષ વી. આર. ગોવારીકરનું નિધન થયું. તેમણે વરિષ્ઠ ભારતીય વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઇ સાથે ભારતના અંતરિક્ષ કાર્યક્રમનો પાયો નાખ્યો હતો. તેઓ વર્ષ 1991થી 1993 સુધી વડાપ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર પદ પર રહ્યા હતા.
- ન્યાયમૂર્તિ એલ. નરસિંહા રેડ્ડીએ પટના હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા. બિહારના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીએ તેમને શપથ લેવડાવ્યા.
- ગુજરાત સરકારે વર્ષ 2015 માટે નવી ઔદ્યોગિક નીતિની જાહેરાત કરી. ઔદ્યોગિક નીતિનો હેતુ રાજ્યને વૈશ્વિક ઉત્પાદનનું હબ બનાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઇન ઇન્ડિયા સ્વપ્નને સાકાર કરવા માટે મહત્વની ભૂમિકા ભજવવાનો છે.
- આર. કોટેશ્વરણે સાર્વજનિક ક્ષેત્રની બેંક ઇન્ડીયન ઓવરસીસ બેંકના CMD તરીકે કાર્યભાર સંભાળ્યો. તેમણે એમ. નરેન્દ્રનું સ્થાન લીધું. આ પહેલાં આર. કોટેશ્વરણ બેંક ઓફ ઇન્ડીયાના એક્ઝીક્યુટીવ ડીરેક્ટર હતા.
- સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઇન્ડિયાના ડીરેક્ટર જનરલ જી. જી. થોમસને તાત્કાલિક અસરથી રાજીનામું આપી દીધું. થોમસને સરકાર પર તેમના પ્રમોશન વિલંબનો આરોપ લગાવ્યો.

તેમણે કેરલના મૂળ કેડરમાં પાછા જવા માટે વિનંતી કરી. તેઓ 31 જાન્યુઆરી 2015થી કેરળના મુખ્ય સચિવનો પદભાર સંભાળશે.

- હોલીવુડ અભિનેત્રી જેનીફર એનિસ્ટનની પસંદગી મોન્ટેસિટો પુરસ્કાર માટે કરવામાં આવી. તેમને આ પુરસ્કાર ફિલ્મ 'કેક'માં શ્રેષ્ઠ અભિનય માટે આપવામાં આવનાર છે.
- કિરણભાઈ વડોદરિયાને વર્ષ 2014-15 માટે ઇન્ડિયન ન્યૂઝપેપર સોસાયટી (INS)ના અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા. તેઓ ગુજરાતી સમાચાર પત્ર સમભાવ મેટ્રોના CMD છે. તેઓ સ્ટેટ્સમેનના રવીન્દ્રકુમારનું સ્થાન લેશે. ગૃહલક્ષ્મીના પી. વી. ચંદ્રનને INSના ડેપ્યુટી પ્રેસિડેન્ટ ચૂંટવામાં આવ્યા.



- પ્રખ્યાત ગુજરાતી અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીનું નિધન થયું. તેમનો જન્મ સાબરકાંઠા જીલ્લાના ઇડર શહેર નજીક કુકડિયા ગામમાં થયો હતો. તેમણે મુંબઈમાં એક મજુર તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. વર્ષ 1971માં તેમણે રવિન્દ્ર ત્રિવેદી દ્વારા નિર્દેશિત ફિલ્મ જેસલ તોરલ સાથે ગુજરાતી ફિલ્મોમાં અભિનેતા તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી. ઉપેન્દ્ર ત્રિવેદી 'અભિનય સમ્રાટ' તરીકે પણ જાણીતા હતા. તેમણે રાષ્ટ્રીય પુરસ્કૃત ગુજરાતી ફિલ્મ 'માનવીની ભવાઈ'નું નિર્દેશન કર્યું. તેમને વર્ષ 1989માં પદ્મ શ્રી પુરસ્કાર મળ્યો હતો. તેમણે 1985માં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ટીકીટ પર ભિલોડા સીટ પર જીત મેળવીને રાજકારણમાં પ્રવેશ કર્યો. ગુજરાત વિધાનસભામાં વર્ષ 2000થી 2002 સુધી તેઓ વિધાનસભાના ઉપાધ્યક્ષ પણ રહ્યા.
- રેલ ખાતાએ ભારતીય રેલમાં પાણી અને ઉર્જાના ઉપયોગ સહિત પર્યાવરણ સંબંધિત દરેક પાસાઓની જવાબદારી સાથે રેલવે બોર્ડ અંતર્ગત એક 'પર્યાવરણ નિદેશાલય'ની રચના કરી.
- બ્રિટનના નંબર એક ટેનિસ ખેલાડી એંડી મર્રેએ એટીપી વર્લ્ડ ટેનિસ ચેમ્પિયનશિપ-2015ના મેન્સ સિંગલનો ખિતાબ જીત્યો. ફાઈનલમાં બીમારીને કારણે નોવાક જોકોવિચના ખસી જવાથી એંડી મર્રે વિજેતા જાહેર કરાયા.
- સ્પેનના ફૂટબોલ ક્લબ એફસી બાર્સેલોનાના સ્ટ્રાઈકર નેમારને સાંબા ગોલ્ડ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. આ પુરસ્કાર યુરોપમાં રમનાર બ્રાઝિલના સર્વશ્રેષ્ઠ ખેલાડીને આપવામાં આવે છે.
- RBIએ નોન-બેંકિંગ ફાઈનાન્સીયલ કંપનીઓને KYC (Know Your Customer) નિયમોમાં છૂટ આપી. RBIની સુચના અનુસાર KYC અભ્યાસ ત્રણ રીતે કરવો જરૂરી છે: (1) હાઈ રિસ્કવાળા વ્યક્તિઓ અને યુનિટો માટે ઓછામાં ઓછા 2 વર્ષે એક વાર (2) મિડીયમ રિસ્કવાળા વ્યક્તિઓ અને યુનિટો માટે ઓછામાં ઓછા 8 વર્ષે એક વાર (3) લો રિસ્કવાળા

www.crackgpsc.com

વ્યક્તિઓ અને યુનિટો માટે ઓછામાં ઓછા 10 વર્ષે એક વાર. પાછલા માપદંડો અનુસાર NBFCએ લો રિસ્ક વાળી શ્રેણીના ગ્રાહકો પાસેથી પાંચ વર્ષમાં એક વાર અને હાઈ તેમજ મિડીયમ રિસ્ક વાળા ગ્રાહકો પાસેથી દર બે વર્ષે KYC લેવાના રહેતા હતા.

- અમેરિકાના પ્રસિદ્ધ સંગીત ગાયક લિટિલ જીમી ડીકેન્સનું નિધન થયું.
- કેન્દ્ર સરકારે બેઝબરુઆ સમિતિની ભલામણોને સ્વીકાર કરી લીધી. ભલામણો આગામી છ મહિનામાં અમલમાં આવશે. આ સમિતિનું કામ દેશના અન્ય હિસ્સાઓમાં ઉત્તર પૂર્વના લોકોની ચિંતાઓ પર ધ્યાન આપવાનું હતું. સમિતિએ ભારતીય દંડ સંહિતાની ધારા 153માં સુધારાની, આ વિસ્તારના લોકો વિરુદ્ધ વધતી હિંસાનો સામનો કરવા માટે કાયદો બનાવવાની, તેમની વિરુદ્ધ કરવામાં આવેલ કોઈ પણ ગુનો કોગ્નિઝેબલ અને નોન-બેલેબલ બનાવવાની, FIRની તપાસ 60 દિવસોમાં પૂર્ણ કરવાની, ટ્રાયલ 90 દિવસમાં પૂર્ણ કરવાની, ઘોર અપરાધ પીડિતોની મદદ માટે રાહત ફંડની સ્થાપનાની, ઇન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપયોગની, ઉત્તર પૂર્વના લોકો પર નજર રાખવા માટે વ્યાપક કોમ્પ્યુટર ડેટાબેઝ બનાવવાની, ઉત્તર પૂર્વ ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવાની ભલામણ કરી છે.
- તુર્કીના કાપ્પાડોસિયા ક્ષેત્રમાં જમીનની નીચે 5000 વર્ષ જુના શહેરના અવશેષ મળ્યા. આ શહેરને તૃકીના બાહ્ય વિસ્તાર 'સેન્ટ્રલ અનાટોલિયા'માં શોધવામાં આવ્યું.
- કેરલના ઓ. ટી. અનિલકુમારે ચેન્નઈના નહેરુ સ્ટેડીયમમાં સાતમી ચેન્નઈ ઓપન ફિડે રેટિંગ ચેસ ટુર્નામેન્ટ જીતી.
- રાયગઢ નગર નિગમમાં મહાપૌર પદના નિષ્પક્ષીય ઉમેદવાર અને ટ્રાન્સજેન્ડર મધુ કિન્નરે મહાપૌર પદની ચૂંટણી જીતી. મધુ કિન્નરે પોતાના નજીકના પ્રતિદ્વંદી ભાજપના મહાવીર ચૌહાણને હરાવ્યા. રાજ્યમાં કોઈ કિન્નર મહાપૌર બન્યું હોય એવું પ્રથમ વાર બન્યું. દેશમાં પ્રથમ વખત મધ્યપ્રદેશે એક કિન્નરને ધારાસભ્ય બનાવ્યા હતા. શબનમ માસી વર્ષ 2000માં સુહાગપુરથી ધારાસભ્ય ચૂંટાયા હતા.
- 
ભારતના વડાપ્રધાન અને નીતિ આયોગના અધ્યક્ષ નરેન્દ્ર મોદીએ અર્થશાસ્ત્રી અરવિંદ પાનગઢિયાને નીતિ પંચના ઉપાધ્યક્ષ નિયુક્ત કર્યા. તેઓ અમેરિકાની કોલંબિયા યુનિવર્સીટીના પ્રોફેસર છે. અરવિંદ પાનગડીયા મુક્ત બજાર વ્યવસ્થા અને મોદીના ગુજરાત મોડલના સમર્થક રહ્યા છે. અર્થશાસ્ત્રી વિવેક દેબરોય અને ડીઆરડીઓના પૂર્વ પ્રમુખ વી. કે. સારસ્વત પંચના પૂર્ણ સમયના સભ્ય રહેશે. કેન્દ્રીય નાણા મંત્રી અરુણ જેટલી, કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિંહ, કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહનસિંહ અને રેલ મંત્રી સુરેશ પ્રભુને હોદ્દાની રુએ પંચના સભ્ય બનાવવામાં આવ્યા. માર્ગ અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરી,

www.crackgpsc.com

માનવ સંસાધન વિકાસ પ્રધાના સ્મૃતિ ઇરાની અને સામાજીક ન્યાય અને અધિકારીતા પ્રધાન થાવરચંદ ગેહલોત વિશેષ આમંત્રિત સભ્ય રહેશે.

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ ન્યાયમૂર્તિ મોહમ્મદ યાકુબ મીરને જમ્મુ કાશ્મીર હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમ્યા.
- પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ રાજ્ય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને બીપીએલ પરિવારો માટે ઓરિસ્સાના ભુવનેશ્વરમાં 5 કિગ્રાના સબસીડીવાળા એલપીજી સિલીન્ડરોના વેચાણની શરૂઆત કરી. આ સાથે જ શહેરી ક્ષેત્રોમાં રહેતા બીપીએલ પરિવારો માટે વિસ્તૃત કોર્પોરેટ સોસિઅલ રિસ્પોન્સિબિલિટી (CSR) યોજ્નાનું ઉદઘાટન કર્યું. આ યોજના અનુસાર સિલીન્ડર અને પ્રેશર રેગ્યુલેટર માટે કોઈ સિક્યુરિટી ડીપોઝીટ જમા કર્યા વગર બીપીએલ પરિવાર એલપીજી કનેક્શન લઇ શકે છે.
- તમિલનાડુ સરકારે તિરુચિરાપલ્લીમાં 'અમ્મા સિમેન્ટ' યોજનાની શરૂઆત કરી. આ યોજના અનુસાર તમિલનાડુ સરકાર દર મહિને ખાનગી કંપનીઓ પાસેથી બે લાખ ટન સિમેન્ટ ખરીદશે અને 190 રૂપિયા પ્રતિ બોરીના દરથી રાજ્યમાં સામાન્ય લોકોને વેચશે.
- ભારતીય મૂળના અમેરિકન કથક ગુરુ ચિત્રેશનું નિધન થયું.
- વિશ્વ બ્રેલ દિવસ 4 જાન્યુઆરી 2015ના રોજ વિશ્વભરમાં ઉજવાયો.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ઘરમાં ઉર્જાની બચત કરનારા પ્રકાશ ઉપકરણોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટેના કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય કાર્યક્રમ શરુ કર્યો. LED બલ્બ સામાન્ય બલ્બથી લગભગ 50 ગણા વધુ સમય સુધી ચાલે છે. LED બલ્બ્સનું વિતરણ માર્ચ 2015થી એક ક્રમબદ્ધ પદ્ધતિથી કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ મકાનો અને સડકો પર પ્રકાશ વ્યવસ્થા માટે 100 શહેરોમાં LED બલ્બ લગાવવાનું લક્ષ્ય રાખવામાં આવેલ છે જેને માર્ચ 2016 સુધી પૂર્ણ કરવામાં આવશે.
- અમિતાભ બચ્ચનને આંધ્રપ્રદેશના મેડીકલ અને સ્વાસ્થ્ય વિભાગના બ્રાન્ડ એમ્બેસેડર નોમીનેટ કરવામાં આવ્યા.
- એસ. શ્રીકૃષ્ણએ BRC ગ્લોસ્ટર રાષ્ટ્રીય બિલિયર્ડસ અને સ્નુકર ચેમ્પિયનશિપ 2015માં પોતાનો પ્રથમ રાષ્ટ્રીય સબ જુનિયર બિલિયર્ડસ ખિતાબ જીત્યો.
- BCCIએ ICC વિશ્વકપ 2015 માટે મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં 15 સભ્યોવાળી ભારતીય ક્રિકેટ ટીમની ઘોષણા કરી. ટીમમાં યુવરાજ સિંહ સામેલ નથી. ભારતીય ટીમના સભ્યો હશે: મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન/વિકેટકીપર), વિરાટ કોહલી, સુરેશ રૈના, શિખર ધવન, રોહિત શર્મા, અજિંક્યે રાણે, આર. અશ્વિન, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ શમી, ઉમેશ યાદવ, રવીન્દ્ર જાડેજા, ઇશાંત શર્મા, અંબાતી રાયડુ, અક્ષર પટેલ અને સ્ટુઅર્ટ બિન્ની.



www.crackgpsc.com

- બ્રિટનની સાઉથેમ્પટન યુનિવર્સીટીના વૈજ્ઞાનિકો <u>પ્રોજેક્ટ લેટીસ ઓન માર્સ</u> (મંગળ ગ્રહ પર પ્રોજેક્ટ લેટીસ) હેઠળ વર્ષ 2018માં મંગળ પર લેટીસ ઉગાડવાની યોજના બનાવી રહ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ ટીમ પૃથ્વીથી ખુબ જ ઓછી સામગ્રી લઇ જઈને મંગળ ગ્રહના વાતાવરણથી પ્રાપ્ત વાયુઓની મદદથી નાના છોડ વિકસાવશે.
- ભારતીય વેઇટ લિફ્ટર્સે કતારના દોહામાં 17મી એશિયન યુવા (છોકરા અને છોકરીઓ), 22મી જુનિયર મહિલા અને 29મી જુનિયર પુરુષ એશિયન વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં છ સુવર્ણચંદ્રક સહિત કુલ 14 ચંદ્રકો મેળવ્યા. ભારતે સર્વાધિક ત્રણ સુવર્ણચંદ્રક છોકરાઓના યુવા વર્ગમાં જીત્યા.




## <u>2nd week</u>

- વૈશ્વિક નાણાકીય સેવા આપનાર ફર્મ નોમુરાએ નાણાકીય વર્ષ 2014-15માં ભારતના GDPનો વિકાસ દર 5.5% હોવાનું અનુમાન લગાવ્યું.
- દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન <u>એલ્વીરો પીટરસને</u> આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી સન્યાસ લીધો.
- કેન્દ્ર સરકારે ઇન્ટેલિજન્સ એજન્સી 'રૉ'ના પૂર્વ પ્રમુખ <u>અલોક જોશીની</u> નેશનલ ટેકનીકલ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (NTRO)ના સિનીયર એડવાઇઝર પદે નિમણુક કરી. તેઓ એ. જી. આપ્ટેનું સ્થાન લેશે, જેઓ માર્ચ 2015માં નિવૃત્ત થશે.
- <u>ઈશપ્રીતસિંહ ચઢ્ઢાએ</u> BRC ગ્લોસ્ટર રાષ્ટ્રીય બિલિયર્ડસ અને સ્નુકર ચેમ્પિયનશિપ 2015માં પોતાનો પ્રથમ રાષ્ટ્રીય સબ જુનિયર સ્નુકર ખિતાબ જીત્યો.
- નાગરિકતા (સુધારો) 2015 એક્ટ (Citizenship (Amendment) Ordinance, 2015) અમલમાં લાવવામાં આવ્યો. આ વટહુકમ હેઠળ ભારતીય નાગરિક એક્ટ-1995માં કેટલાક સુધારા કરવામાં આવ્યા. તેમાં ભારતમાં લગ્ન કરનાર વિદેશીઓને ભારતીય નાગરિકતા મેળવવા માટે દેશમાં એક વર્ષ સુધી સતત રહેવા માટેની શરત દુર કરવામાં આવી. વર્તમાનમાં નાગરિકત્વ માટે ભારતમાં સતત એક વર્ષ સુધી રહેવું અનિવાર્ય છે, પરંતુ જો કેન્દ્ર સરકાર સંતુષ્ટ હોય તો ખાસ પરિસ્થિતિમાં તેમાં છૂટ આપી શકાય છે. વટહુકમમાં

www.crackgpsc.com

ભારતીય મૂળના લોકોને આજીવન વિઝા આપવાની અને ભારતમાં પોતાની દરેક વિઝીટ દરમ્યાન તેમને સ્થાનિક પોલિસ સ્ટેશનમાં હાજર થવાની શરતથી છૂટ આપવાની જોગવાઈ છે.

- નરેન્દ્ર મોદીએ ટાટા ગ્રુપના ફાઉન્ડર જમશેદજી ટાટાના સન્માનમાં સિક્કા પ્રસિદ્ધ કર્યા. આ સિક્કા તેમની 175મી જયંતિ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યા. જમશેદજીને આધુનિક ભારતીય ઉદ્યોગના જનક કહેવામાં આવે છે. જમશેદજીનો જન્મ 1839માં ગુજરાતના નવસારીમાં થયો હતો. તેમણે ટાટા ગ્રુપનો પાયો નાખ્યો.
- રાવસાહેબ પાટિલ દાનવે મહારાષ્ટ્રમાં ભાજપાના અધ્યક્ષ નિયુક્ત થયા.
- ઇન્ટરનેશનલ ક્રોપ્સ રિસર્ચ ઇન્સ્ટીટયુટ ફોર સેમી એરીડ ટ્રોપિક્સે (ICRISAT) નાના ખેડૂતો માટે ગ્રીન ફેબલેટની શરૂઆત કરી. ગ્રીન ફેબલેટ ફોન અને ટેબ્લેટ કોમ્પ્યુટરનું ઓછા ખર્ચવાળુ એક કસ્ટમાઇઝડ સંયોજન છે. આ ઉપકરણ ગ્રીન સીમથી ચાલે છે. ગ્રીન ફેબલેટ ધૂળ અને તૂટ-ફૂટથી સુરક્ષિત છે. તેજ સૂર્ય પ્રકાશમાં પણ તેમાં વાંચી શકાય છે અને આ -20°સેન્ટીગ્રેડથી +60° સેન્ટીગ્રેડ તાપમાનમાં કામ કરી શકે છે. તેનાથી ખેડૂતોને ઓછી કિંમતે ઉપયોગી સામગ્રી ખરીદવા, તેમના ઉત્પાદનની સારી કિંમત મેળવવા અને તેમને બજારથી જોડી રાખવાનું કામ કરવામાં આવશે. ગ્રીન સીમ એક વિશેષ સીમ કાર્ડ છે જો કોઈ પણ મોબાઈલ ફોનમાં નાખી શકાય છે. તેને ICRISAT, એરટેલ અને ઇફકો ખેડૂત સંચાર લિ.એ સાથે મળીને તૈયાર કરેલ છે.
- ડૉ. દિનેશ ઉરાંવ સર્વસંમતિથી ઝારખંડ વિધાનસભાના અધ્યક્ષ ચૂંટાયા.
- ગુગલના સહ-સંસ્થાપક અને CEO લૅરી પેજને 'ફોર્ચ્યુન' મેગેઝીન દ્વારા વર્ષ 2014ના 'બિઝનેસ પર્સન ઓફ ધ યર' ઘોષિત કરવામાં આવ્યા. તેમને મેગેઝીન દ્વારા રજુ 20 કોર્પોરેટ પર્સનાલિટીઝની વિશ્વ સૂચિમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું. આ યાદી કંપનીના પરફોર્મન્સ, નેતૃત્વ સ્ટાઈલ તથા શેર હોલ્ડર્સના કુલ રિટર્નના આધારે તૈયાર કરવામાં આવેલ છે. એપલના CEO ટિમ કુક બીજા સ્થાને છે.
- નીલેશ શાહે એક્સિસ કેપિટલ લિ.ના MD અને CEO પદેથી રાજીનામું આપ્યું.
- અમેરિકાના હાર્વર્ડ સ્મિથસોનિયન એસ્ટ્રોફિઝીક્સ સેન્ટરના ખગોળશાસ્ત્રીઓએ નાસાના 'કેપલર' અવકાશ દૂરબીનની મદદથી આઠ નવા ગ્રહોની શોધની જાહેરાત કરી. આ ગ્રહો પૃથ્વીના આકાર-પ્રકારના છે અને માનવ વસવાટ માટે લાયક માનવામાં આવી રહ્યા છે. આ ગ્રહો પોતાના તારાઓની એટલા જ અંતરે પરિક્રમા કરે છે જેટલા અંતરે પૃથ્વી સૂર્યની કરે છે. આમાંથી બે ગ્રહો પૃથ્વી જેવા છે જેમના નામ 'કેપલર-438B' અને 'કેપલર-442B' છે.
- ભારત સરકારે ખાતર કંપનીઓને 100% નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન કરવાની મંજુરી આપી. આ પહેલાં ખાતર પ્લાન્ટની કુલ ક્ષમતાના 35% સુધી નીમ કોટેડ યુરિયાનું ઉત્પાદન

www.crackgpsc.com

કરવાની મંજુરી હતી. નીમ કોટેડ યુરિયાને લીધે ખેડૂતોની ઉપજ વધશે કારણ કે યુરિયાના ઓછા ઉપયોગથી ઉત્પાદકતા વધશે. નીમ કોટેડ યુરિયાના ઉપયોગથી 15 થી 20% યુરિયાનો ઉપયોગ પણ ઓછો થાય છે. તેનાથી સરકારને સબસીડી પર થનાર ખર્ચમાં પણ વાર્ષિક 6500 કરોડ રૂપિયાનો ઘટાડો થશે. તે સિવાય નીમ કોટેડ યુરિયાનો ઉપયોગ કરવાથી નાઇટ્રોજન ધીરે ધીરે નીકળવાને લીધે જમીનની ફળદ્રુપતાને મદદ મળે છે.

- ICICI બેંકે 'કોન્ટેક્ટલેસ' ડેબીટ અને ક્રેડીટ કાર્ડ શરુ કર્યાં. આ કાર્ડ્સ દ્વારા પેમેન્ટ કરતી વખતે તેમને મર્ચન્ટ ટર્મિનલ પર સ્વીપ નહિ કરવું પડે અને નજીકમાં કાર્ડ લહેરાવવાથી જ તે મશીન સાથે કનેક્ટ થઇ જશે. આ કાર્ડ 'નીઅર ફિલ્ડ કોમ્યુનીકેશન' (NFC) ટેકનોલોજી પર આધારિત છે. ભારતમાં આ પ્રકારનું આ પ્રથમ કાર્ડ છે. ICICI બેંકે આ કાર્ડની શરૂઆત એક સાથે ગુડગાંવ, મુંબઈ અને હૈદરાબાદથી કરી.
- પાકિસ્તાન પર્યટન વિકાસ નિગમે (PTDC) નવી દિલ્હી અને લાહોર વચ્ચે ચાલુ મૈત્રી બસ સેવા વાઘા બોર્ડર સુધી મર્યાદિત કરવાની જાહેરાત કરી. PTDC અનુસાર આતંકવાદી હુમલાથી યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ પગલું ભરવામાં આવેલ છે. દિલ્લી લાહોર મૈત્રી બસ સેવા 1999માં તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈ દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- અમેરિકન કંપની ડીજીપાસે ઇન્ટરનેશનલ કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ શો -2015માં પહેલું સ્માર્ટ સામાન લોક ઇઝી ટચ લોન્ચ કર્યું. આ ડીજીટલ લોક વપરાશકર્તાઓને પોતાના સ્માર્ટ ફોનથી માત્ર સ્વીપ કરીને પોતાની સુટકેસને ખોલવા-બંધ કરવાની સુવિધા આપે છે.
- પેરિસ સ્થિત ફ્રેન્ચ મેગેઝીન 'ચાર્લી હેબ્દો'ની ઓફીસ પર થયેલ આતંકવાદી હુમલામાં 12 લોકો માર્યા ગયા. મરનાર લોકોમાં મેગેઝીનના એડિટર સ્ટીફેન કાર્બોનીયર પણ છે. 'ચાર્લી હેબ્દો'એ સપ્ટેમ્બર 2012માં પયગમ્બર મોહમ્મદનું કાર્ટૂન છાપ્યું હતું, ત્યારથી આ મેગેઝીન આતંકવાદીઓની નજરમાં હતું.




- અતુલ ખરેની સંયુક્ત રાષ્ટ્રોના અંડર-સેક્રેટરી જનરલ, ડીપાર્ટમેન્ટ ઓફ ફિલ્ડ સપોર્ટ (DFS) તરીકે નિમણુક થઇ. તેઓ બાંગ્લાદેશના અમીરાહ હકનું સ્થાન લેશે. ખરે વર્તમાનમાં ભારતમાં ધર્માર્થ ચિકિત્સા સલાહકાર છે.
- ભારત 26 સપ્ટેમ્બર 2015થી 10 ઓક્ટોબર 2015 સુધી થનાર 42મા વર્લ્ડ બ્રિજ ચેમ્પિયનશિપ્સની મેજબાની કરશે. ચેમ્પિયનશિપ ચેન્નાઈમાં યોજવામાં આવશે. પ્રથમ વખત એશિયામાં વિશ્વ બ્રિજ ચેમ્પિયનશિપનું આયોજન થઇ રહ્યું છે. આ સ્પર્ધામાં 40થી પણ વધુ દેશોની 66 ટીમોના 660 ખેલાડીઓ ભાગ લેશે.

- મહારાષ્ટ્રના ઈશપ્રીત ચઢ્ઢાએ રાષ્ટ્રીય બિલિયર્ડ્સ અને સ્નુકર ચેમ્પિયનશિપમાં ડબલ ખિતાબ જીત્યા.
- હામિદ અન્સારીએ પુસ્તક 'ધ ઇન્ડિયન પાર્લિયામેંટ-એ ક્રીટીકલ અપ્રેઝલ'નું વિમોચન કર્યું. અંગ્રેજીમાં લખાયેલ આ પુસ્તક જવાહર લાલ નહેરુ યુનિવર્સીટીના પ્રોફેસર સુધા પાઈ અને અવિનાશ કુમાર દ્વારા સંપાદિત છે.
- નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીના સ્વદેશ પ્રત્યાગમનના 100 વર્ષ પૂર્ણ થયે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં સ્મારક પોસ્ટ ટિકિટ પ્રસિદ્ધ કરી. સ્મારક પોસ્ટ ટિકિટનું શીર્ષક 'મહાત્મા ગાંધી કી વાપસી કે 100 વર્ષ' આપવામાં આવ્યું.
- મફત વોઈસ કોલિંગ કરવા માટે ચેટ એપ્લીકેશન હાઈક મેસેન્જરે અમેરિકાની ફ્રી વોઈસ કોલિંગ કંપની જીપ ફોનનું સંપાદન કર્યું. જીપ ફોનની સ્થાપના 2014માં અમેરિકામાં અનુજ જૈને કરી હતી. કંપનીએ સમગ્ર દુનિયામાં કામ કરનારી એક વોઈસ કોલિંગ એપ બનાવી હતી.
- 102મા ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ (ISC)નું આયોજન મુંબઈમાં કરવામાં આવ્યું. ISCની થીમ, માનવવિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી હતી. તેનું આયોજન ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ સંઘે (ISCA) મુંબઈ યુનિવર્સીટી સાથે મળીને કર્યું હતું.
- વર્ષ 2015ના પ્રવાસી ભારતીય સન્માન માટે 15 પ્રવાસી ભારતીયોની પસંદગી કરવામાં આવી.
- મૈત્રીપાલ શ્રીસેનાએ શ્રીલંકાના સાતમા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા. તેમણે રાષ્ટ્રપતિ પદ માટે થયેલ ચૂંટણીમાં મહિન્દ્રા રાજપક્ષેને હરાવ્યા. મૈત્રીપાલ શ્રીસેનાને શ્રીલંકામાં એક સાદગીપ્રિય નેતા માનવામાં આવે છે. તેઓ રાજપક્ષે સરકાર દરમ્યાન સ્વાસ્થ્ય મંત્રી રહી ચુક્યા છે. શ્રીસેના સાથે રાનિલ વિક્રમસિંહે પણ વડાપ્રધાન પદે શપથ લીધા જે અત્યાર સુધી વિપક્ષના નેતા હતા.



- ઈરફાન ખાન અને નિમ્રત કૌર અભિનીત ફિલ્મ 'ધ લંચ બોક્સ'ને બ્રિટીશ એકેડમી ઓફ ફિલ્મ એવોર્ડ્સ (બાફ્ટા) 2015ની 'ફિલ્મ નોટ ઇન ધ ઈંગ્લીશ લેન્ગવેજ કેટેગરી'ની શ્રેણીમાં પુરસ્કાર માટે પસંદ કરવામાં આવી.
- વરિષ્ઠ દ્રમુક નેતા એમ. કરુણાનિધિ સતત 11મી વખત દ્રવિડ મુનેત્ર કડગમ (દ્રમુક)ના અધ્યક્ષ ચૂંટાયા. દ્રમુકના ફાઉન્ડર સી. એન. અન્નાદુરઈના મૃત્યુ બાદ એમ. કરુણાનિધિ પ્રથમ વખત 1969માં પાર્ટીના અધ્યક્ષ બન્યા હતા.
- વેતન બોર્ડના પૂર્વ અધ્યક્ષ અને ગુવાહાટી હાઈ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ આર. કે. મણીસાનાનું નિધન થયું.

www.crackgpsc.com

- જમ્મુ-કાશ્મીરમાં રાજ્યપાલ શાસન લાગુ કરવામાં આવ્યું. ડીસેમ્બર 2014માં જમ્મુ-કાશ્મીર વિધાનસભા માટે થયેલ ચૂંટણીમાં કોઈ પણ પાર્ટીને પૂર્ણ બહુમત ન મળવાથી અને તે દરમ્યાન પરસ્પર ગઠબંધન ન થવાને કારણે રાજ્યમાં રાજ્યપાલ શાસન લાગુ કરવામાં આવ્યું. જમ્મુ-કાશ્મીરનું અલગ બંધારણ હોવાને લીધે ત્યાં રાષ્ટ્રપતિ શાસનને સ્થાને રાજ્યપાલ શાસન લાગુ કરવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ એન. એન. વોહરા છે.
- મોડિબો કેટા પશ્ચિમ આફ્રિકન દેશ માલીના વડાપ્રધાન નિયુક્ત. મોડિબો કેટાએ મુસા મારાનું સ્થાન લીધું જેમણે દેશની આતંકવાદગ્રસ્ત પરિસ્થિતિને કારણે રાષ્ટ્રપતિ તરફથી વધતા જતા દબાણ બાદ પોતાના પદેથી રાજીનામું આપ્યું હતું.
- જીવલેણ નીલ જીહ્વા રોગ (બ્લ્યુ ટંગ ડિસીઝ)થી બચવા માટે રક્ષા બ્લ્યુ નામની રસી લોન્ચ. રસીને લોન્ચ કરવાનો હેતુ નીલ જીહ્વા રોગને કારણે પશુ ખેતી સમુદાયને થતા આર્થિક નુકસાનને ઓછું કરવાનો છે. નીલ જીહ્વા રોગ માટે ભારતની આ પ્રથમ રસી છે. વાઇરસથી ફેલાતી આ બીમારીના સમગ્ર દુનિયામાં 24 પ્રકાર છે. તેમાંના પાંચ પ્રકાર ભારતમાં વધુ પ્રચલિત છે. નીલ જીહ્વા રોગ દેશ ભરના લાખો ઘેટા-બકરા, ભેંસ, હરણ, ઊંટ વગેરેને અસર કરે છે.
- મૈસાચૂસેટ્સના બોસ્ટનમાં નોર્થઇસ્ટર્ન યુનિવર્સીટીના વૈજ્ઞાનિકોએ ટીક્સોબેક્ટીન નામની નવી એન્ટીબાયોટીકની શોધ કરી. લગભગ ત્રણ દાયકા બાદ પ્રથમ વાર શોધાયેલ આ એન્ટીબાયોટીક એવા ચેપને દુર કરવામાં સક્ષમ છે જે દર વર્ષે સેંકડો હજારો લોકોના મૃત્યુનું કારણ બને છે.
- સ્વીટ્ઝર્લેન્ડના સ્ટેનિસલાસ વાવરિંકાએ ત્રીજી વખત ચેન્નઈ ઓપન ATP ટેનિસ ટુર્નામેન્ટ (2015)ના પુરુષ એકલનો ખિતાબ જીત્યો. આ જીત સાથે વાવરિંકા ચેન્નઈ ઓપનના 20 વર્ષોના ઈતિહાસમાં આ ખિતાબ ત્રીજી વાર જીતનાર પ્રથમ ખેલાડી બની ગયા.
- બ્રિટન અમદાવાદમાં ડેપ્યુટી હાઈ કમિશનનું કાર્યાલય ખોલશે. બ્રિટન ગુજરાતમાં રાજદ્વારી કેન્દ્ર ખોલનાર વિશ્વનો પ્રથમ દેશ બનશે.
- ટેક મહિન્દ્રાએ સ્વિસ કંપની એસઓએફજીઈએન (SOFGEN) હોલ્ડિંગ્સ લિ.ના સંપાદન માટે સમજુતી કરી.
- ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને બોર્ડર-ગાવસ્કર ટેસ્ટ શ્રેણી જીતી.



- આયોજન પંચનાં પૂર્વ સચિવ સિંધુશ્રી ખુલ્લરને નીતિ પંચનાં મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે નિમવામાં આવ્યાં. તેમણે એપ્રિલ 2012માં આયોજન પંચના સચિવનો પદભાર સંભાળ્યો હતો. 65 વર્ષ જુના આયોજન પંચને સમાપ્ત કરીને તેના સ્થાને નીતિ પંચ બનાવવામાં આવ્યું છે.


- 47 પ્રવાસી મૃત મળ્યાની ઘટના પછી પક્ષી વન અને વન્ય જીવન વિભાગે સુલ્તાનપુર રાષ્ટ્રીય ઉદ્યાનને એક સપ્તાહ માટે બંધ કરી દીધું.
- સ્વીત્ઝર્લેન્ડના રોજર ફેડરરે બ્રિસ્બન આંતરરાષ્ટ્રીય ટેનિસ ખિતાબ જીતી લીધો. તેમણે આ ખિતાબ પ્રથમ વખત જીત્યો. આ પહેલાં રોજર ફેડરરે 17 ગ્રાન્ડ સ્લેમ જીત્યાં હતાં. આ જીત સાથે જ તેઓ 1000 ATP ખિતાબ જીતનાર ત્રીજા ખેલાડી બની ગયા.
- આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી શિખર સમ્મેલન 2015ની યજમાની અમેરિકા દ્વારા કરવામાં આવશે. જેનું આયોજન વોશિંગ્ટનમાં કરવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય ચાર્લી હેબડોના પેરિસ કાર્યાલય પર કરવામાં આવેલ હિંસક ચરમપંથના હુમલાઓને રોકવાનો છે.
- પોર્ટુગલના વરિષ્ઠ ફૂટબોલ ખેલાડી ક્રીસ્ટીયાનો રોનાલ્ડોએ પોતાના પ્રતિસ્પર્ધી લિયોનલ મેસ્સીને હરાવીને ત્રીજી વખત સર્વશ્રેષ્ઠ ફૂટબોલરનો 'બેલોન ડી'ઓર-2014' પુરસ્કાર જીત્યો. ક્રીસ્ટીયાનો રોનાલ્ડો ડોસ સેન્ટોસ અવિયરો, જેને સામાન્ય રીતે ક્રીસ્ટીયાનો રોનાલ્ડોના નામથી ઓળખવામાં આવે છે એક પોર્ટુગીઝ પ્રોફેશનલ ફૂટબોલ ખેલાડી છે, જે રિયલ મેડ્રિડ માટે રમે છે અને પોર્ટુગલની રાષ્ટ્રીય ટીમના કેપ્ટન છે. આ જ પુરસ્કારોમાં ક્રીસ્ટીયાનો રોનાલ્ડોના રિયલ મેડ્રિડના સાથી જેમ્સ રોડ્રીગ્રેજે વર્ષનો સર્વશ્રેષ્ઠ ગોલનો પુરસ્કાર જીત્યો, જ્યારે જર્મનીના કોચ જોકિમ લોવને વર્ષના સર્વશ્રેષ્ઠ કોચ તરીકે પસંદ કરવામાં આવ્યા.
- સુપ્રીમ કોર્ટે આંતર રાજ્ય પ્રવાસીઓના મતદાન અધિકાર પર કેન્દ્ર સરકારને નોટીસ આપી. વી. પી. શમશિરે આંતર રાજ્ય પ્રવાસીઓને સરકારી અધિકારીઓની જેમ પોસ્ટલ બેલેટ પેપર દ્વારા મતદાન કરવાનો વિશેષ અધિકારની મંજુરી આપવા માટે અરજી કરી હતી.
- વિશ્વ બેંકે ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ગુજરાતના સ્માર્ટ શહેરોની પહેલ અને સ્વચ્છતા અભિયાન માટે ત્રિપક્ષીય કરાર કર્યા.
- આરબીઆઈ અને ધ યુરોપિયન સેન્ટ્રલ બેંકે કેન્દ્રીય બેંકિંગમાં સહયોગ માટે સમજુતી કરાર કર્યા.
- દીપક પારેખની BAE સિસ્ટમ્સ ઇન્ડિયા (સર્વિસીસ) પ્રા. લિ.ના નોન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચેરમેન તરીકે નિમણૂક.
- હરિયાણાના રેવાડીથી રોહતક વચ્ચે દેશની પ્રથમ CNG ટ્રેનની શરૂઆત થઇ ગઈ. રેલ મંત્રી સુરેશ પ્રભુએ રીમોટ બટન દબાવીને ટ્રેનની શરૂઆત કરી. ડીઝલ અને બંને સિસ્ટમ સાથે સજ્જ આ ટ્રેન હાલ તો રેવાડીથી રોહતક વચ્ચે ચાલશે. ડીઝલ-CNG ટ્રેન માટે રેલવેએ ખાસ કરીને એક 1400 HPનું એન્જીન તૈયાર કરાવેલ છે. અંદાજ મુજબ રેવાડી પેસેન્જર ટ્રેન 81 કિમીનું અંતર કાપવામાં લગભગ CNGનું 20%થી વધુ બળતણ વાપરશે.



- ઓસ્ટ્રેલિયામાં બનશે પ્રથમ માનવ શરીર સંગ્રહાલય.
- હેન્ડસેટ કંપની માઈક્રોસોફ્ટ ડિવાઈસે એપ માટેના માસિક બીલમાં પેમેન્ટની સુવિધા આપવા માટે આઈડીયા સેલ્યુલર સાથે જોડાણ કર્યું.
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)ની 'મંગલયાન' ટીમને વર્ષ 2015નો 'સ્પેસ પાયોનીયર એવોર્ડ' આપવાની ઘોષણા કરવામાં આવી. ઈસરોને આ પુરસ્કાર એમરિકાની નેશનલ સ્પેસ સોસાયટીએ (NSS) સાયન્સ એન્ડ એન્જીનિયરીંગ કેટેગરીમાં આપવાની ઘોષણા કરી. 450 કરોડ રૂપિયાના ખર્ચ વાળા ઈસરોનું 'માર્સ ઓર્બીટર' સૌથી સસ્તું આંતરગ્રહીય મિશન હતું અને ભારત આ સાથે જ વિશ્વમાં પ્રથમ પ્રયાસે જ મંગળની કક્ષામાં અંતરિક્ષ યાન સ્થાપિત કરનાર એક માત્ર રાષ્ટ્ર બન્યું હતું.




- 'પ્રેમચંદ કી કહાનિયોં કા કાલક્રમાનુસાર અધ્યયન' પુસ્તક માટે હિન્દી લેખક ડૉ. કમલ કિશોર ગોયનકાને વર્ષ 2014નું વ્યાસ સન્માન આપવાની ઘોષણા કરવામાં આવી. વ્યાસ સન્માન, 'જ્ઞાનપીઠ પુરસ્કાર' પછીનું બીજા નબરનું સૌથી મોટું સાહિત્ય સન્માન છે. આ સન્માનની શરૂઆત વર્ષ 1991માં કે. કે. બિડલા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.
- અમેરિકાએ આંતકવાદી સંગઠન તહરીક-એ-તાલીબાન પાકિસ્તાન (TTP)ના પ્રમુખ મૌલાના ફજલુલ્લાને 'ગ્લોબલ ટેરરીસ્ટ' (વૈશ્વિક આતંકવાદી) જાહેર કર્યો. ફજલુલ્લાએ પેશાવરની આર્મી સ્કુલમાં આતંકવાદી હુમલાની જવાબદારી લીધી હતી.
- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (NGT) યમુનામાં કચરો નાખનારાઓ પર દંડ કરવાનો આદેશ કર્યો.
- સાતમા વાઇબ્રન્ટ ગુજરાત શિખર સંમેલનનું આયોજન ગાંધીનગર, ગુજરાતમાં 11 જાન્યુઆરી 2015થી 13 જાન્યુઆરી 2015 સુધી કરવામાં આવ્યું. અદાણી ગ્રુપે 2020 સુધી ગુજરાત સ્થિત પોતાના બંદરોની ક્ષમતા વધારીને વાર્ષિક 10 કરોડ ટન કરવા માટે 20,000 કરોડ રૂપિયાનું રોકાણ કરવાની અને 25,000 કરોડ રૂપિયા એનર્જી સેક્ટરમાં રોકવાની જાહેરાત કરી. રિલાયન્સ ઇન્ડ.ના પ્રમુખ મુકેશ અંબાણીએ એક લાખ કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરી. બિરલા ગ્રુપે આગામી 12-18 મહિનાઓમાં 20,000 કરોડ રૂપિયાના રોકાણ માટે પ્રતિબદ્ધતા બતાવી. ઓસ્ટ્રેલિયન કંપની રિયો ટીંટોએ ગુજરાતના વિશાળ ખાણકામ અને ડાયમંડ કટિંગ ઉદ્યોગમાં 30,000 નોકરીઓની ઘોષણા કરી. વાઇબ્રન્ટ ગુજરાત શિખર સંમેલન-2015માં 25 લાખ કરોડ




www.crackgpsc.com

રૂપિયાના લગભગ 21,000 MOU કરવામાં આવ્યા. વર્ષ 2013માં આયોજિત શિખર સંમેલનમાં 12 લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે 17,000 MOU કરવામાં આવ્યા હતા.

- અમિતાભ બચ્ચનને 'સોશિયલ મીડિયા પર્સન ઓફ ધ યર' પુરસ્કારથી નવાજવામાં આવ્યા. તેમને આ સન્માન સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ પર એક્ટીવ રહેવા માટે આપવામાં આવ્યું. આ સન્માન તેમને ઈન્ટરનેટ અને મોબાઈલ એસોસીએશન ઓફ ઇન્ડિયાએ આપ્યું.
- ભારતની ભક્તિ શર્માએ એન્ટાર્કટિકા મહાસાગરમાં 1.4 માઈલ તરીને વિશ્વ રેકોર્ડ બનાવ્યો. ભક્તિએ એક ડિગ્રી સેલ્સીયસ તાપમાનમાં 52 મિનીટમાં આ અંતર કાપ્યું. ભક્તિ આવું કરનારી પ્રથમ ભારતીય મહિલા બની. આ સાથે જ ભક્તિ શર્મા આ સાહસ કરનારી સૌથી નાની વયની વિશ્વની પ્રથમ છોકરી બની. આ ખિતાબ સાથે જ ભક્તિ દુનિયાના પાંચેય મહાસાગરોમાં તરીને વિજય મેળવનારી વિશ્વની પ્રથમ મહિલા પણ બની.
- પોપ ફ્રાન્સિસે જોસેફ વાજને શ્રીલંકાના પ્રથમ સંત જાહેર કર્યા.
- મહારાષ્ટ્ર કેબિનેટે દુકાળથી અસરગ્રસ્ત ખેડૂતોને 26 જાન્યુઆરી 2015ના રોજ 2000 કરોડ રૂપિયાનો સહાય ભંડોળ આપવાનો નિર્ણય કર્યો.
- ઓસ્ટ્રેલીયાના ફાસ્ટ બોલર બ્રેટ લીએ T-20 ક્રિકેટમાંથી સન્યાસ લેવાની ઘોષણા કરી. T-20 ક્રિકેટમાં હેટ્રિક બનાવનાર તેઓ વિશ્વના પ્રથમ બોલર છે. વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી 300 વિકેટ લેવાનો રેકોર્ડ બ્રેટ લીએ બનાવ્યો.

## ➢ 3rd week

- પ્રખ્યાત અંતરિક્ષ વૈજ્ઞાનિક એ. એસ. કિરણકુમારે ઈસરોના અધ્યક્ષનો પદભાર સંભાળ્યો. તેમણે કે. રાધાકૃષ્ણનનું સ્થાન લીધું. મંગળયાન મિશનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર કિરણકુમાર આ પહેલાં અમદાવાદમાં સ્પેસ એપ્લીકેશન સેન્ટરમાં ડિરેક્ટર હતા.
- નાગપુરમાં સંપન્ન રાષ્ટ્રીય મુક્કેબાજી ચેમ્પિયનશિપમાં સતીષકુમાર (સુપર હેવીવેટ વર્ગ) અને સુમિત સાંગવાને (લાઈટ હેવીવેટ વર્ગ) સુવર્ણચંદ્રક જીત્યો. રાષ્ટ્રીય મુક્કેબાજી ચેમ્પિયનશિપનો 'ઓવરઓલ' ખિતાબ હરિયાણાએ સર્વાધિક 40 અંકો સાથે જીત્યો.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com
www.crackgpsc.com

- સંસ્કૃત ભાષામાં લખાયેલ 'કનકઆલોચન:' નામના વાર્તાસંગ્રહ માટે સંસ્કૃત વિદ્વાન પ્રભુનાથ દ્વિવેદીની પસંદગી સંસ્કૃત ભાષાના સાહિત્ય અકાદમી પુરસ્કાર-2014 માટે કરવામાં આવી. 'કનકઆલોચન:'માં 16 લઘુ વાર્તાઓ છે જે સમાજને ખોખલો કરનારા વિભિન્ન સામાજિક મુદ્દાઓ પર આધારિત છે.
- CBIના પૂર્વ ડિરેક્ટર એ. પી. સિંહે UPSCના સભ્યપદેથી રાજીનામું આપી દીધું. એ. પી. સિંહે રાજીનામું આપવાનું કારણ મુંબઈમાં સ્પેશીયલ કોર્ટ દ્વારા ભાજપના અધ્યક્ષ અમિત શાહને છોડી દેવાનું દર્શાવ્યું. UPSCના સભ્ય બન્યા પહેલાં એ. પી. સિંહ CBIના ડીરેક્ટર (વર્ષ 2010-12) રહ્યા. એ. પી. સિંહના કાર્યકાળમાં શાહ વિરુદ્ધ બે આરોપપત્ર ફાઈલ થયા હતા. એ. પી. સિંહ ત્યારે વિવાદમાં આવ્યા, જયારે વર્ષ 2014માં સુપ્રીમ કોર્ટમાં કોલસા કૌભાંડની સુનાવણી દરમ્યાન આવકવેરા વિભાગે મોઈન કુરેશી અને તેમના વચ્ચેના સંબંધોનો ખુલાસો કર્યો.
- પેટ્રોલિયમ સ્પોર્ટ્સ પ્રમોશન બોર્ડે(PSPB) ગોવામાં આયોજિત 76મી રાષ્ટ્રીય ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં પુરુષ અને મહિલા વર્ગનો ખિતાબ જીત્યો. બંને વર્ગોમાં PSPBએ પ. બંગાળને હરાવ્યું.
- દુનિયાના પ્રમુખ ફાયનાન્સીઅલ મેગેઝીન ઇન્સ્ટીટ્યુશનલ ઇન્વેસ્ટરે કરેલ એક સર્વેમાં ઓબરોય મુંબઈને દુનિયાની સર્વશ્રેષ્ઠ હોટલ તરીકે પસંદ કરવામાં આવી છે. અમેરિકાની આ મેગેઝીને '2014 વર્લ્ડ્સ બેસ્ટ હોટેલ્સ' સર્વે માટે 42 દેશોના એવા સિનીયર એક્ઝીક્યુટીવ્સ સાથે વાત કરી, જેમણે ગયા વર્ષે 50 કે તેથી વધુ રાતો હોટેલ્સમાં વિતાવી હોય. પ્રથમ વખત કોઈ ભારતીય હોટલને આ ગ્લોબલ સર્વેમાં દુનિયાની બેસ્ટ હોટલ તરીકે પસંદ કરવામાં આવી. આ સાથે જ આ લિસ્ટમાં આવનાર ઓબરોય મુંબઈ ભારતની એક માત્ર હોટલ છે. ઓબરોય ગ્રુપની શરૂઆત 1934માં થઇ હતી. આ છ દેશોમાં 30 હોટલ ઓપરેટ કરે છે.
- ભારતીય રીઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજનને બ્રિટીશ પત્રિકા સેન્ટ્રલ બેંકિંગે ગવર્નર ઓફ ધ યર પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પહેલાં યુરોમની મેગેઝીને પણ ગયા વર્ષે શ્રી રાજનને કેન્દ્રીય બેંકોના સર્વશ્રેષ્ઠ ગવર્નરના પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.
- RBIએ રેપોરેટમાં 0.25%નો ઘટાડો કરવાની ઘોષણા કરી. આ ઘોષણા પછી રેપોરેટ ઘટીને 7.75% થઇ ગયો જે પહેલાં 8% હતો. RBIએ આર્થિક વિકાસ દર વધારવા માટે અને મોંઘવારી દરમાં થયેલ ઘટાડાના કારણે આ ઘટાડો કર્યો. CRR અને રિવર્સ રેપોરેટમાં કોઈ બદલાવ નથી કર્યો. વર્તમાનમાં CRR 4% અને રિવર્સ રેપોરેટ 6.75% છે.
- અમેરિકાની ડ્યુક યુનિવર્સીટીના વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં માનવ માંસપેશી તૈયાર કરવામાં સફળતા મેળવી.

www.crackgpsc.com



- 72મા ગોલ્ડન ગ્લોબ પુરસ્કારોમાં એડી રેડ્માયને અને જુલીયન મુરને ક્રમશ: સર્વશ્રેષ્ઠ અભિનેતા અને અભિનેત્રીના પુરસ્કાર આપવામાં આવ્યા. ફિલ્મ 'બોયહુડ'ને સર્વાધિક ત્રણ પુરસ્કાર મળ્યા. તેને સર્વશ્રેષ્ઠ ફિલ્મ (ડ્રામા), સર્વશ્રેષ્ઠ નિર્દેશક (રિચાર્ડ લિંકલેટર) અને સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રી (પેટ્રીસિયા આર્કેવેટી)ના પુરસ્કાર જીત્યા.
- કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથ સિંહે રેજીડેન્ટ આઇડેન્ટિટી કાર્ડ (RIC) રીડર્સનો પ્રથમ સેટ નેવી અધ્યક્ષ એડમિરલ આર. કે. ધવન અને તટરક્ષક બળના મહાનિદેશક વાઈસ એડમિરલ એ. જી. થપલિયાલને સોંપ્યો. આ RIC રીડર્સનો ઉપયોગ દરિયાઈ સુરક્ષા એજન્સીઓ RIC યોજના હેઠળ રજુ કરવામાં આવેલ તટીય ક્ષેત્રના નિવાસીઓના ઓળખપત્રોની તપાસમાં કરશે.
- ડીરેક્ટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડે (DGFT) રિદ્ધિ સિદ્ધિ બુલિયન લિ. (RSBL) પર RBIના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ 100 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો.
- હરિયાણા સરકારે યોગ ગુરુ બાબા રામદેવને રાજ્યના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા. હરિયાણાના તમામ 6500 ગામ સાથે શહેરોમાં યોગશાળાઓ બનશે.



- હરિશંકર બ્રહ્માની દેશના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે નિમણુક. તેમણે વી. એસ. સંપતનું સ્થાન લીધું. હરિશંકર બ્રહ્મા વ્યક્તિ તરીકે 19મા મુખ્ય ચૂંટણી અધિકારી છે. ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી અધિકારી સુકુમાર સેન હતા.
- દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર હાશિમ અમલા વન ડે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપી 5000 રન બનાવનાર બેટ્સમેન બન્યા. અમલાએ 104મી મેચની 101મા દાવમાં આ સિદ્ધિ મેળવી. હાશિમ અમલાના પિતા અને દાદા ગુજરાત રાજ્યના રહેવાસી હતા. વેપાર માટે તેઓ દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં જ સ્થાઈ થઇ ગયા તથા ત્યાંની નાગરિકતા મેળવી લીધી.
- 15 જાન્યુઆરી 2015ના રોજ ભારતે પોતાનો 67મો સૈન્ય દિવસ ઉજવ્યો. આ દિવસ લેફ્ટનન્ટ જનરલ (પાછળથી ફિલ્ડ માર્શલ બન્યા) કે. એમ. કાપડિયાના 15 જાન્યુઆરી 1949ના રોજ આઝાદી પછી પ્રથમ ભારતીય સેનાધ્યક્ષ બનવા નિમિત્તે ઉજવવામાં આવે છે. તેમણે ભારતમાં છેલ્લા બ્રિટીશ સેનાધ્યક્ષ જનરલ સર ફ્રાન્સિસ બુચરનું સ્થાન લીધું હતું. વર્તમાનમાં આર્મી ચીફ જનરલ દલબીરસિંહ સુહાગ, નેવિ ચીફ એડમિરલ રોબીન કે ધોવન અને એર ચીફ અરૂપ રાહા છે.

www.crackgpsc.com

- આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશને 'FIH પ્લેયર ઓફ ધ યર 2014'ની ઘોષણા કરી. ઓસ્ટ્રેલિયાના પુરુષ હોકી ખેલાડી માર્ક નોલ્સ અને હોલેન્ડની મહિલા ખેલાડી એલેન હુગને વર્ષ 2014 માટે ક્રમશઃ પુરુષ અને મહિલા વર્ગમાં 'પ્લેયર ઓફ ધ યર' જાહેર કરવામાં આવ્યા.
- અમેરિકાના એક સ્વયંસેવક સંગઠન જિરાફ હીરોઝ પ્રોજેક્ટે જાણીતા ભારતીય RTI કાર્યકર્તા સુભાષચંદ્ર અગ્રવાલને જિરાફ હીરો પુરસ્કાર 2015થી નવાજવાની ઘોષણા કરી. અગ્રવાલને આ પુરસ્કાર અસંખ્ય પડકારોનો સામનો કરતાં કરતાં સાર્વજનિક ભલાઈ માટે સુચનાના અધિકાર એક્ટ, 2005નો ઉપયોગ કરવા માટે આપવામાં આવશે. અગ્રવાલના નામે સૌથી વધુ સંખ્યામાં સંપાદકના નામ પર પત્રથી પ્રકાશિત થવાનો ગિનીઝ રેકોર્ડ પણ છે.
- અનુપમ શ્રીવાસ્તવે બીએસએનએલના CMDનો પદભાર સંભાળ્યો.
- જાપાન આંતરરાષ્ટ્રીય સહયોગ બેંકે પોતાના એક સર્વેમાં ભવિષ્યમાં રોકાણ માટે ભારતને પ્રથમ સ્થાન આપ્યું.
- ચીનના દવા નિયામક ચાઈના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને પોલીયોના ઈલાજ માટે S-IPV નામની નવી વેકસિન મંજુર કરી દીધી.
- સ્ટીફન કોન્સ્ટેન્ટાઈન ભારતીય પુરુષ ફૂટબોલ ટીમના મુખ્ય કોચ નિયુક્ત. તેઓ બીજી વાર ભારતીય ટીમના કોચ બન્યા. ઇંગ્લેન્ડના કોન્સ્ટેન્ટાઈને નેધરલેન્ડના વિમ કોવરમૈન્સનું સ્થાન લીધું.
- જનજાતિય લોકોને આવકનો વધારાનો સ્રોત પૂરો પાડવા માટે કેન્દ્રીય જનજાતિય કાર્યમંત્રી જુએલ ઉરાંવે નવી દિલ્હીમાં પ્રથમ જનજાતિય ખાદ્ય ઉત્સવનો શુભારંભ કર્યો.
- 21મા વાર્ષિક લાઈફ ઓકે સ્ક્રીન એવોર્ડસમાં શહીદ કપૂરને સર્વશ્રેષ્ઠ અભિનેતા અને પ્રિયંકા ચોપડાને સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો. 'ક્વીન'ને સર્વશ્રેષ્ઠ ફિલ્મનો, 'ક્વીન'ના ડિરેક્ટર વિકાસ બહેલને સર્વશ્રેષ્ઠ નિર્દેશકનો પુરસ્કાર મળ્યો. પ્રિયંકા ચોપડાને તેમની ફિલ્મ 'મેરીકોમ' અને શહીદ કપૂરને 'હૈદર' માટે એવોર્ડ આપવામાં આવ્યા. હેમામાલિનીને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો.
- કેન્દ્ર સરકારે અનુસુચિત જાતિના ઉદ્યમી લોકો માટે 'અનુસુચિત જાતિ ઉદ્યમ પુંજી કોષ' નામની વિશેષ યોજના શરુ કરી. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારત્વ મંત્રી થાવર ચંદ ગેહલોતે 200 કરોડ રૂપિયાની પ્રાથમિક રાશિ સાથે નવી દિલ્હીમાં આ યોજનાની શરૂઆત કરી.
- સિડની ઇન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટમાં **સર્બિયાના** વિક્ટર ટ્રોઈકીએ **પુરુષ એકલનો,** પેટા ક્વિટોવાએ મહિલા એકલનો, રોહન બોપન્ના અને કેનેડાના ડેનિયલ નેસ્ટરની જોડીએ પુરુષ યુગલનો, સાનિયા મિર્ઝા અને બેથાની માટેક સૈન્ડસની જોડીએ મહિલા યુગલનો **ખિતાબ જીત્યો.**



www.crackgpsc.com

- ભારતીય મૂળના અમેરિકન ઉદ્યમી અને જન કલ્યાણ સાથે જોડાયેલ ફ્રેંક ઇસ્લામને માર્ટીન લ્યુથર કિંગ જુનીયર પુરસ્કાર આપવામાં આવ્યો. આ સન્માન ફ્રેન્કને આંતરરાષ્ટ્રીય સેવાઓ અને લોકો સાથે જોડાવાની તેમની પ્રવૃત્તિ માટે આપવામાં આવ્યો.
- દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ ખેલાડી અને વર્તમાન ટીમના કેપ્ટન અબ્રાહમ ડીવિલીયર્સે આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટ મેચમાં સૌથી ઝડપી અર્ધશતક અને શતક બનાવવાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. તે સાથે જ ડીવિલીયર્સે એક દિવસીય મેચમાં એક દાવમાં સર્વાધિક છગ્ગા (16 છગ્ગા) મારવાના ભારતના રોહિત શર્માના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી. ડીવિલીયર્સે 31 બોલ્સમાં 8 ચોગ્ગા અને 10 છગ્ગાની મદદથી સદી પૂરી કરી. ડીવિલીયર્સે ન્યુઝીલેન્ડના કોરી એંડરસનનો 37 બોલ્સમાં સદી બનાવવાનો રેકોર્ડ તોડ્યો. તે સાથે જ ડીવિલીયર્સે આંતરરાષ્ટ્રીય વન ડે મેચમાં સૌથી ઝડપી અર્ધશતકનો રેકોર્ડ પણ બનાવ્યો અને 16 બોલ્સમાં અર્ધશતક બનાવીને શ્રીલંકાના સનથ જયસુર્યાનો 17 બોલ્સમાં અર્ધશતક બનાવવાનો રેકોર્ડ તોડ્યો.
- દક્ષિણ આફ્રિકાના રિલી રોસૂ અને હાશિમ અમલાએ આંતરરાષ્ટ્રીય એક દિવસીય મેચમાં કોઈ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ બનાવ્યો. રોસૂ અને અમલાએ પ્રથમ વિકેટ માટે 247 રન બનાવ્યા. તે સિવાય ન્યૂ વાન્ડર્સમાં આંતરરાષ્ટ્રીય એક દિવસીય ક્રિકેટ મેચના એક દાવમાં ત્રણ બેટ્સમેનોની સદી બનવાનો વિશ્વ રેકોર્ડ પણ બન્યો.
- ભારતના દીપન ચક્રવર્તીને હરાવીને યુક્રેનના આન્દ્રે બેરીશપોલેટ્સે 13મી પાર્શ્વનાથ ઇન્ટરનેશનલ ગ્રાંડમાસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ જીતી.
- હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ.એ સ્વદેશ નિર્મિત પ્રથમ હલકું યુદ્ધ વિમાન (LCA) તેજસ (SP-1) ભારતીય વાયુ સેનાને સોંપ્યું. સુરક્ષા મંત્રી મનોહર પર્રીકરે તેજસને એર ચીફ માર્શલ અનૂપ રાહાની હાજરીમાં ભારતીય વાયુ સેનાને સોંપ્યું. LCA તેજસ વિકસિત એક હલકું યુદ્ધ જેટ વિમાન છે. તેની ગતિ 1.8 મેક અને રેન્જ 3000 કિમી છે.
- ભારતના બિલિયર્ડ્સ ખેલાડી પંકજ અડવાણીએ ધ્રુવ સિતવાલાને હરાવીને સિનીયર રાષ્ટ્રીય બિલિયર્ડ્સનો ખિતાબ સાતમી વાર જીત્યો.
- **સર્બિયાના વિક્ટર ટ્રોઈકીએ મિખાઈલ કુકુશકીનને હરાવીને સિડની ઇન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટનો પુરુષ એકલ ખિતાબ જીત્યો.**
- ફિલ્મ નિર્માતા પહલાજ નિહલાનીની સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફીકેશન (સેન્સર બોર્ડ)ના અધ્યક્ષ તરીકે નિમણુક થઇ. તેમણે લીલા સેમસનનું સ્થાન લીધું જેમણે જાન્યુઆરી 2015માં રાજીનામું આપ્યું હતું.
- રાજનૈતિક વિચારક રજની કોઠારીનું અવસાન થયું. તેમણે વર્ષ 1963માં સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટી (CSDS)ની સ્થાપના કરી હતી. તેમણે વર્ષ 1980માં 'લોકાયન'

નામની સંસ્થાની પણ સ્થાપના કરી. 1969માં તેમનું પ્રથમ પુસ્તક 'પોલિટીક્સ ઇન ઇન્ડિયા' પ્રકાશિત થયું. આ પુસ્તક ભારતીય રાજકારણને સમજવા માટે તર્કપૂર્ણ મોડલ રજુ કરે છે.

- ICICI બેન્કે ટ્વિટર એકાઉન્ટ દ્વારા પૈસા મોકલવાની સેવા શરુ કરી. ICICI બેન્કે વર્ષ 2013માં ફેસબુક સાથે બેન્કિંગ સેવાઓ જોડી હતી અને હવે ટ્વિટર એકાઉન્ટથી પૈસા ટ્રાન્સફર કરવાની સુવિધા શરુ કરવામાં આવી છે. ભારતમાં આમ કરનારી ICICI પ્રથમ બેંક છે.
- હૈતીના રાષ્ટ્રપતિ માઈકલ માર્ટેલીએ વડાપ્રધાન ઈવાન્સ પોલના નેતૃત્વમાં સરકારની રચનાની જાહેરાત કરી.
- સાનિયા મિર્ઝાએ પોતાની કારકિર્દીની સર્વશ્રેષ્ઠ પાંચમી રેન્કિંગ (મહિલા યુગલ) મેળવી.
- નાસાના વૈજ્ઞાનિકો અને નેશનલ ઓસીએનીક એન્ડ એટ્મોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (NOAA)ના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલ બે અલગ અલગ વિશ્લેષણ મુજબ વર્ષ 1880 પછી 2014 પૃથ્વીનું સૌથી ગરમ વર્ષ રહ્યું. વર્ષ 2014નું વૈશ્વિક સરેરાશ તાપમાન 20મી સદીના સરેરાશ તાપમાનની સરખામણીમાં સામાન્ય રીતે 1.24°F (કે 0.69°C) વધુ ગરમ હતું.
- નેપાળી કોંગ્રેસ નેતા દીપ કુમાર ઉપાધ્યાય ભારતમાં નેપાળના રાજદૂત તરીકે નિમણુક પામ્યા.
- ભારતના ટેનિસ ખેલાડી લીએન્ડર પેસે દક્ષિણ આફ્રિકાના રાવેન ક્લાસેન સાથે મળીને હેનકેન ઓપનનો પુરુષ યુગલ ખિતાબ જીત્યો.
- ઓક્સફેમ દ્વારા પ્રસ્તુત એક સર્વે રિપોર્ટ મુજબ દુનિયાના 1% અમીરો પાસે દુનિયાની અડધી સંપત્તિ છે.
- ભારતીય મૂળના અમેરિકન લેખક વિક્રમ ચંદ્રનું પુસ્તક 'ગીક સબલાઈમ: ધ બ્યુટી ઓફ ધ કોડ, ધ કોડ બ્યુટી' અમેરિકાના સૌથી પ્રતિષ્ઠિત સાહિત્ય પુરસ્કાર 'નેશનલ બુક ક્રીટીક્સ સર્કલ' માટે પસંદગી પામ્યું.
- ગન ફોર ગ્લોરી શુટિંગ ચેમ્પિયનશિપ 2015માં અયોનીકા પોલ અને અન્નુ રાજસિંહે સુવર્ણચંદ્રક જીત્યા.
- સામાજિક કાર્યકર્તા અને સ્વાતંત્ર્ય સેનાની ઘેલુભાઈ નાઈકનું ગુજરાતના ડાંગ જીલ્લામાં અવસાન થયું. તેઓ ગાંધીવાદી કાર્યો માટે કરવા માટે જાણીતા હતા અને તેમણે આદિવાસી લોકોના ઉત્થાન માટે સ્વરાજ આશ્રમની સ્થાપના કરી. તેમણે ઈસાઈ મિશનરીઝ દ્વારા ડાંગમાં આદિવાસીઓને ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત કરવાનો વિરોધ કર્યો.
- હિંદી નવલકથા 'ફરિશ્તા' ચર્ચામાં રહી જ્યારે લેખક કપિલ ઈસાપૂરીએ ફિલ્મ પીકે નિર્માતાઓ પર કેટલાક અંશનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો.

www.crackgpsc.com

- ગીતકાર ગોવિંદ હલ્દરનું અવસાન થઇ ગયું. ગોવિંદ હલ્દરે બાંગ્લાદેશમાં મુક્તિ સંગ્રામ દરમ્યાન પોતાના દેશભક્તિ ગીતોથી લાખો લોકોને પ્રેરિત કર્યા હતા.
- સિક્કિમ રાજ્ય સરકારે નેધરલેન્ડ અને થાઈલેન્ડની સરકારો સાથે રાજ્યમાં ફૂલોની ખેતીના વિકાસ માટે એક સમજુતી કરી.
- ભારતીય ઉદ્યોગ પરિસંઘ (CII) અને ચીનની ઈ-કોમર્સ કંપની અલીબાબા.કોમે ભારતના લઘુ અને મધ્યમ ઉદ્યમો (SME)ને વૈશ્વિક મંચ પ્રદાન કરવા માટે એક કરાર કર્યો.
- SBIને નાણાંકીય વર્ષ 2014-15નો 'ગોલ્ડન પીકોક એવોર્ડ ફોર કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સિબિલિટી' આપવામાં આવ્યો.
- રાષ્ટ્રીય વાઘ સુરક્ષા સત્તાએ (NTCA) ભારતમાં વાઘની સ્થિતિ પર નવો રિપોર્ટ (The latest report on Status of Tigers in India, 2014) જારી કર્યો. વર્ષ 2010માં વાઘની સંખ્યા 1706 હતી જે વર્ષ 2014માં વધીને 2226 થઇ ગઈ. આ વધારો 30.5% છે. વિશ્વના 70% વાઘ ભારતમાં છે. પશ્ચિમ ઘાટના રાજ્યોમાં વાઘની સંખ્યા ઝડપથી વધી અને દેશમાં સૌથી વધુ 406 વાઘ કર્ણાટકમાં છે.
- માઈક્રોસોફ્ટ કંપનીએ વિન્ડોઝ 10 લોન્ચ કર્યું. આ ઓપરેટીંગ સિસ્ટમ મોબાઈલ, ટેબલેટની સાથે સાથે કોમ્પ્યુટરને પણ સપોર્ટ કરશે.
- સેરેના વિલિયમ્સે દુનિયાની નંબર 1 મહિલા ટેનિસ ખેલાડી તરીકે 100 સપ્તાહ પુરા કર્યા. તે સાથે જ તેઓ સતત 100 અઠવાડિયા સુધી વિશ્વમાં પ્રથમ સ્થાને રહેનાર દુનિયાની ચોથી ખેલાડી બની. સૌથી વધુ સપ્તાહ સુધી વિશ્વમાં પ્રથમ સ્થાને રહેવાનો રેકોર્ડ 'સ્ટેફી ગ્રાફ'ના નામે છે, જે 186 સપ્તાહ સુધી પ્રથમ સ્થાન પર રહી હતી.
- સુનીલ સુદને ભારતમાં વોડાફોનના CEO બનાવવામાં આવ્યા. આ નિમણુકની સાથે જ તેઓ ભારતમાં વોડાફોનના પ્રથમ ભારતીય CEO બની ગયા.
- સાઉદી અરબના શાહ (રાજા) અબ્દુલ્લાનું રિયાધમાં અવસાન થયું. શાહ અબ્દુલ્લાને અલકાયદા વિરુદ્ધ યુદ્ધમાં અમેરિકાનો સાથ આપનાર અને મહત્વપૂર્ણ સુધારા દ્વારા સાઉદી મુસ્લિમ સમાજને આધુનિક બનાવવાના પ્રયત્નો કરનાર શાસક તરીકે માનવામાં આવે છે. અબ્દુલ્લા પછી તેમના ભાઈ સલમાન સાઉદી અરબના રાજા બનશે.
- ભારતીય મૂળના પ્રખ્યાત સંશોધક અને શિક્ષણશાસ્ત્રી જસજીત અહલુવાલિયાને અમેરિકાના ન્યુજર્સીમાં રટગર્સ યુનિવર્સીટીમાં સ્કુલ ઓફ પબ્લિક હેલ્થના ડીન બનાવવામાં આવ્યા.
- પ્રધાનમંત્રી જન ધન યોજનાએ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન મેળવ્યું. ભારતીય બેંકોએ પાંચ મહિનામાં PMJDY યોજના હેઠળ 11.50 કરોડ ખાતાં ખોલ્યાં.
- સુઝલોન એનર્જીએ પોતાની જર્મન સહાયક સેનવિયોન SEની 100% ભાગીદારી વેચવાની ઘોષણા કરી.

www.crackgpsc.com

- કેન્દ્રીય શહેરી વિકાસ ખાતાએ દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સુરક્ષા અને તેને ફરીથી જીવિત કરવાના પ્રયાસને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય વિરાસત વિકાસ અને સંવર્ધન યોજના (હૃદય)ની શરૂઆત કરી.
- કેરળના સંસ્કૃતિ મંત્રી કે. સી. જોસેફે રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સંગીત સંસ્થાની સ્થાપનાની જાહેરાત કરી. તે સંગીતને સમર્પિત ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્થાન હશે. સરોદ વાદક ઉસ્તાદ અમઝદ અલી ખાનની અધ્યક્ષતા વાળા એક ટ્રસ્ટને આ સંસ્થાની સ્થાપનાની જવાબદારી સોંપવામાં આવેલ છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના પાણીપતમાં 'બેટી બચાઓ-બેટી પઢાઓ' યોજના અને સુકન્યા સમૃદ્ધિ યોજનાની શરૂઆત કરી. આ યોજનાનો મુખ્ય હેતુ કન્યા ભ્રૂણહત્યા અટકાવવાનો અને છોકરીઓને સુશિક્ષિત બનાવવાનો છે. અભિનેત્રી માધુરી દીક્ષિતને આ અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવેલ છે.
- એપલ ઇન્કે યુનાઇટેડ કિંગડમની સ્ટાર્ટઅપ કંપની સેમેટ્રીક લિ.નું સંપાદન કર્યું.
- ભારતની બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલ અને પી. વી. સિંધુ વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશનની મહિલા રેન્કિંગમાં ક્રમશઃ ત્રીજા અને નવમા સ્થાને પહોંચી ગયા.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી મુને શાંતિ નિર્માણ પેનલમાં ભારતીય સમાજશાસ્ત્રી સરસ્વતી મેનનની નિમણુક કરી. આ પેનલમાં શાંતિ નિર્માણની ગતિવિધિઓની સમીક્ષા કરવામાં આવશે.
- ભારતીય સ્ટેટ બેંકે યુરોપીયન ઈન્વેસ્ટમેન્ટ બેંક (EBI) સાથે 100 મિલિયન યુરો લૉનના કરાર પર હસ્તાક્ષર કર્યા.
- ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમના લ્યુક રોંચી અને ગ્રાંટ ઇલિયટે વન ડે ક્રિકેટમાં છઠ્ઠી વિકેટ માટે ભાગીદારીનો વિશ્વ વિક્રમ બનાવ્યો. રોંચી અને ઇલિયટે શ્રીલંકાની સાથે મેચ દરમિયાન છઠ્ઠી વિકેટ માટે 267 રન બનાવ્યા. આ પહેલાં આ રેકોર્ડ ભારતના મહેન્દ્રસિંહ ધોની અને શ્રીલંકાના મહેલા જયવર્ધનેના નામે હતો, જેમણે એશિયા ઇલેવન માટે 2007માં આફ્રિકા ઇલેવન સામે 218 રન કર્યા હતા.




## ➢ 4th week

- મિસ કોલમ્બિયા પૉલિના વેગા વર્ષ 2014ની મિસ યુનિવર્સ બની. મિસ યુનિવર્સ સૌંદર્ય



સ્પર્ધા 2014 અમેરિકાના ફ્લોરિડામાં મિયામીમાં યોજાઇ. અમેરિકાની નિયા સાંચેઝ પ્રથમ રનર અપ (બીજા ક્રમે) રહી. ભારતની સુષ્મિતા સેને 1994માં અને લારા દત્તાએ 2000માં મિસ યુનિવર્સનો ખિતાબ જીત્યો હતો. સુષ્મિતા સેન મિસ યુનિવર્સનો ખિતાબ જીતનાર ભારતની પ્રથમ સુંદરી છે. પ્રથમ મિસ યુનિવર્સ સ્પર્ધા લાંગ બીચમાં વર્ષ 1956માં યોજાઇ હતી. પ્રથમ મિસ યુનિવર્સનો ખિતાબ ફિનલેન્ડની અર્મિ કૂસેલાએ જીત્યો હતો.



- ભારતના વિખ્યાત કાર્ટૂનિસ્ટ આર કે લક્ષ્મણનું અવસાન થયું. પાંચ દાયકા કરતાં વધારે સમયથી આર કે લક્ષ્મણે તેમના કાર્ટૂન કેરેક્ટર 'કોમન મેન' દ્વારા સમાજનાં વિવિધ પાસાંને રજુ કર્યાં હતાં. રાજકીય મુદ્દાઓ પર તેમણે બનાવેલાં કાર્ટૂન ખૂબ જાણીતાં થયાં હતાં. જોકે પછીથી તેમણે રાજકીય મુદ્દાઓ પર કાર્ટૂન બનાવવાનું બંધ કર્યુ હતું. ભારત સરકાર દ્વારા તેમને 1971માં પદ્મ ભૂષણ અને 2005માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ભારત-રશિયા સંગીત મહોત્સવ 'જીમાફેસ્ટ'નું ગોવામાં કેડોલિમ દરિયા કિનારે 24 જાન્યુઆરી 2015 થી 25 જાન્યુઆરી 2015 ની વચ્ચે આયોજન કરવામાં આવ્યું.
- થાઈલેન્ડની ભૂતપૂર્વ વડાપ્રધાન યિંગલક શિનાવાત્રા પર સૈન્ય સમર્થિત સંસદે મહાભિયોગ ચલાવ્યો. જેના કારણે તેમના પર પાંચ વર્ષ માટે રાજકીય પ્રતિબંધ મુકાયો. થાઇલેન્ડના ઇતિહાસમાં સંસદ દ્વારા મહાભિયોગ ચલાવવામાં આવેલ યિંગલક શિનાવાત્રા પ્રથમ વડાપ્રધાન છે. આ મહાભિયોગ રાઈસ પ્લીડિંગ સ્કીમમાં ભ્રષ્ટાચારને રોકવામાં નિષ્ફળ રહેવાના આરોપનું પરિણામ છે. યિંગલક થાઈલેન્ડની પ્રથમ વડાપ્રધાન અને સૌથી યુવાન વડાપ્રધાન હતી.
- સૈયદ મોદી ઈન્ટરનેશનલ ઈન્ડિયા ગ્રાં પ્રી ગોલ્ડ બેડમિન્ટન ટૂર્નામેન્ટ-2015 ના વિજેતા: **મહિલા એકલ વર્ગ** - બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલ, **પુરુષ એકલ વર્ગ** - પી. કશ્યપ, **મહિલા યુગલ વર્ગ** - એમેલિયા એલિસિયા એનસકેલી અને ફેઈ ચો સાંગ, **પુરુષ યુગલ વર્ગ** - મથાયસ બો અને કર્સ્ટન મોગનસન
- પદ્મ સન્માન 2015 ની જાહેરાત:

વર્ષ 2015 ના પદ્મ પુરસ્કાર માટે કુલ 104 વ્યક્તિઓની પસંદગી કરવામાં આવી. તેમાં 9 પદ્મ વિભૂષણ, 20 પદ્મ ભૂષણ અને 75 પદ્મશ્રી પુરસ્કાર માટે પસંદ કરવામાં આવેલ


www.crackgpsc.com

છે. પુરસ્કાર વિજેતાઓમાં 17 મહિલાઓનો સમાવેશ થાય છે. ચાર વ્યક્તિઓને આ સન્માન મરણોપરાંત આપવામાં આવશે. પદ્મ વિભૂષણથી સન્માનિત થનારાઓમાં એલ. કે. અડવાણી, અમિતાભ બચ્ચન, પ્રકાશ સિંહ બાદલ, મોહમ્મદ યુસુફ ખાન ઉર્ફે દિલીપકુમાર, પ્રો. મલુર રામાસ્વામી નિવાસન, કોટ્ટયમ કે વેણુગોપાલ, ડૉ. ડી વીરેન્દ્ર હેગડે, કરીમ અલ હુસૈની આગા ખાન, જગદગુરુ રમાનંદાચાર્ય સ્વામી રામભદ્રાચાર્ય, કરીમ અલ હુસૈની આગા ખાનનો સમાવેશ થાય છે.

- પદ્મ ભૂષણ મેળવનારાઓમાં ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર એન ગોપાલસ્વામી, બંધારણીય નિષ્ણાત સુભાષ કશ્યપ, માઇક્રોસોફ્ટ ચીફ બિલ ગેટ્સ, મેલિંડા ગેટ્સ, પત્રકાર રજત શર્મા અને સ્વપ્ન દાસગુપ્તા, વકીલ હરીશ સાલ્વે, કાર્ડિઓલોજિસ્ટ અશોક શેઠ, ફિલ્મ નિર્માતા જાહ્નુ બરુઆનો સમાવેશ થાય છે.
- પદ્મ શ્રી સન્માન મેળવનારની યાદીમાં IT ક્ષેત્ર સાથે જોડાયેલા મોહનદાસ પઈ, બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ, મહિલા ક્રિકેટર મિતાલી રાજ, અરુણિમા સિંહા, તારક મેહતા, ફિલ્મસર્જક સંજય લીલા ભણસાલી, ગીતલેખક પ્રસૂન જોશી સહિત 75 ખ્યાતનામ વ્યક્તિઓનાં નામ છે.
- **ચાર ગુજરાતીઓને પદ્મ શ્રી :** 1. તારક મેહતા (કલા) 2. ડૉ. તેજસ પટેલ (તબીબી) 3. ગુણવંત શાહ (સાહિત્ય અને શિક્ષણ) 4. ડૉ. હરગોવિંદ લક્ષ્મીશંકર ત્રિવેદી (તબીબી)
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ મેજર મુકુંદ વરદરાજન અને નાયક નીરજ કુમાર સિંહને મરણોપરાંત શાંતિના સમયે આપવામાં આવતા સર્વોચ્ચ લશ્કરી સન્માન અશોક ચક્રથી સન્માનિત કર્યાં. બંનેએ કાશ્મીરમાં આતંકવાદીઓનો સામનો કરતાં પોતાનું જીવન બલિદાન કરી દીધું હતું. આ બે સૈનિકો સિવાય 12 નૌકાદળના અધિકારીઓને શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યાં.
- ભારતે પોતાનો 66મો ગણતંત્ર દિવસ ઉજવ્યો. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ રાજપથ પર રાષ્ટ્રીય ત્રિરંગો ફરકાવ્યો. આ દિવસના મુખ્ય મહેમાન અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા હતા. 2015ની પરેડનો મુખ્ય વિષય 'સ્ત્રી સશક્તિકરણ' હતો. પ્રથમ વાર સશસ્ત્ર દળની મહિલા ટુકડીએ રાજપથ પર પરેડમાં ભાગ લીધો. તેલંગાણા રાજ્યે પણ ગણતંત્ર દિવસની પરેડમાં પ્રથમ વખત ભાગ લીધો.
- ગ્રીસના વામપંથી રાજકીયદળ 'સિરિઝા'ના નેતા એલેક્સિસ સિપ્રાસે ગ્રીસના નવા વડાપ્રધાન તરીકે શપથ લીધા. તેમણે ગ્રીસના નિવર્તમાન વડાપ્રધાન એન્ટોનિસ સમીરાસનું સ્થાન લીધું.
- 'ડૉ. ઓર્થો તેલ અને કેપ્સૂલ' ને વર્ષ 2013-14 ના 'એશિયાઝ મોસ્ટ પ્રોમિસિંગ બ્રાન્ડ એવૉર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યું.

www.crackgpsc.com

- ભારત વર્ષ 2010 થી સતત પાંચમા વર્ષે વિશ્વનો ચોથો સૌથી મોટો સ્ટીલ ઉત્પાદક દેશ બન્યો. ભારતે 2014માં કુલ 8.32 કરોડ ટન સ્ટીલનું ઉત્પાદન કર્યું. સૌથી વધુ 82.2 કરોડ ટન સ્ટીલ ઉત્પાદન સાથે ચીન પ્રથમ સ્થાને, જ્યારે જાપાન બીજા અને અમેરિકા ત્રીજા સ્થાને રહ્યું. ભારત 2010થી ચોથો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.
- જગન્નાથન ચક્રવર્તીની માઈન્ડ ટ્રી લિમિટેડના મુખ્ય નાણાંકીય અધિકારી તરીકે નિમણૂક થઈ. તેમનો કાર્ય સમયગાળો 1 એપ્રિલ 2015 થી શરૂ થશે.
- કવયિત્રી અરુન્ધતિ સુબ્રમણ્યમને જયપુરમાં યોજાયેલ સાહિત્ય મહોત્સવમાં તેમના કવિતા સંગ્રહ "વ્હેન ગોડ ઈઝ ટ્રેવલર" માટે ખુશવંત સિંહ મેમોરિયલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં.
- મહારાષ્ટ્ર સરકારે લંડનમાં આવેલા ડૉ. આંબેડકરના એ ઘરને ખરીદવાનો નિર્ણય કર્યો છે, જ્યાં તે વર્ષ 1920માં રહેતા હતા. ખરીદી લીધા પછી તેને સ્મારક-સહ-સંગ્રહાલયમાં પરિવર્તિત કરવામાં આવશે. આ ઘર 14 એપ્રિલ 2015 ના દિવસે આંબેડકરના 124મા જન્મદિવસે જાહેર જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવશે.
- દિવ્ય પ્રકાશ સિંહાની કેન્દ્રિય મંત્રીમંડળ સચિવાલયમાં સુરક્ષા સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવી.
- અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાના 'ગાર્ડ ઓફ ઓનર' નું ભારતીય વાયુસેનાની વિંગ કમાન્ડર પૂજા ઠાકુરે નેતૃત્વ કર્યું. તેની સાથે જ પૂજા ઠાકુર રાષ્ટ્રપતિ ભવનમાં 'ગાર્ડ ઓફ ઓનર' નેતૃત્વ કરવાવાળી પ્રથમ ભારતીય મહિલા અધિકારી બની.
- ભારત – યુએસે એશિયા – પેસિફિક અને હિંદ મહાસાગર ક્ષેત્ર માટે સંયુક્ત વ્યૂહાત્મક દ્રષ્ટિની જાહેરાત કરી જેમાં આતંકવાદ, ચોરી અને વ્યાપક વિનાશ કરતાં શસ્ત્રોના પ્રસારનો વિરોધ, આગામી પાંચ વર્ષોમાં પોતાના પ્રાદેશિક સંવાદને સુદ્રઢ કરવો, એશિયાની મહાસત્તાઓ વચ્ચે સંબંધ વધારવો જેવા મુદ્દાઓ સમાવિષ્ટ છે.
- આર્જેન્ટિનાના પ્લેમેકર જુઆન રોમન રિક્વેલમીએ ફૂટબોલમાંથી નિવૃત્તિ લીધી.



- ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર સ્ટીવન સ્મિથને સિડનીમાં યોજાયેલ પુરસ્કાર સમારંભમાં એલન બૉર્ડર ચંદ્રક, સન્માનિત કરવામાં આવ્યા. સ્મિથને વન-ડે અને ટેસ્ટ પ્લેયર ઑફ ધ યર તરીકે પણ પસંદ કરવામા આવ્યા.
- સલમાન બિન અબ્દુલ અઝીઝ અલ સૌદે રિયાધમાં અરબના શાહ (રાજા)નો પદભાર સંભાળ્યો. શાહ અબ્દુલ્લા બિન અબ્દુલ અઝીઝના અવસાન પછી સલમાન સાઉદી અરબના નવા રાજા બન્યા.
- કે દુર્ગા પ્રસાદની સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ના સ્પેશીયલ ડિરેક્ટર જનરલ (DG) તરીકે નિમણૂંક થઇ. આ પહેલાં પ્રસાદ સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (SPG) ના નિર્દેશક હતા. SPG વડાપ્રધાન, ભૂતપૂર્વ વડાપ્રધાન અને તેમના કુટુંબના સભ્યોને રક્ષણ પૂરું પાડે છે.
- હોકી ઓલિમ્પિયન જસવંત સિંહ રાજપૂતનું અવસાન.
- ભારત અને ઓમાન વચ્ચે પ્રવાસન ક્ષેત્ર માટે સમજૂતી કરારને કેન્દ્રિય મંત્રીમંડળની મંજૂરી
- કેન્દ્ર સરકારે અનાજ અને ખાંડના પેકેજીંગ માટે શણનો ઉપયોગ ફરજિયાત કર્યો. તે મુજબ અનાજનું લઘુત્તમ 90 ટકા અને ખાંડનું લઘુત્તમ 20 ટકા પેકેજીંગ શણની બોરીમાં કરવું પડશે.
- ધ કેબિનેટ કમિટી ઑન ઇકોનોમિક અફેર્સ (CCEA) HDFC બેંક લિમિટેડના 74 ટકા સુધીના વિદેશી રોકાણના પ્રસ્તાવને મંજૂરી આપી.
- ઉત્તરપ્રદેશ સરકારે જાણીતા ગઝલ ગાયિકા બેગમ અખ્તરની યાદમાં દાદરા, ઠુમરી અને ગઝલ માટે 'બેગમ અખ્તર પુરસ્કાર' આપવાનો નિર્ણય લીધો. પુરસ્કાર માટે 5 લાખ રૂપિયા રોકડ, અંગવસ્ત્ર અને પ્રશસ્તિપત્ર આપવામાં આવશે.
- અમેરિકન સ્પેસ એજન્સી નાસાએ સૌથી જૂના તારા (અત્યાર સુધી ઓળખાયેલ) 'કેપલર-444' ની શોધ કરી. કેપલર-444નો આકાર લગભગ પૃથ્વી જેટલો જ છે. આકારમાં સૂર્યથી 25 ટકા નાના તારા 'કેપલર-444'નું પૃથ્વીથી અંતર 117 પ્રકાશ વર્ષ છે.
- સ્ટીવ ઈસ્ટરબ્રૂકની મેકડોનાલ્સ કોર્પોરેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે નિમણુક થઇ. તેમનો કાર્યકાળ 1 માર્ચ 2015 થી શરૂ થશે.
- વિશ્વ બેન્કે હિમાચલ પ્રદેશને લગતાં સામાજિક સમાવેશ અને સતત વિકાસ પર અહેવાલ 'સ્કેલિંગ ધ હાઇટ્સ: સોશિયલ ઇન્કલુઝન એન્ડ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ઇન હિમાચલ પ્રદેશ' (Scaling the Heights: Social Inclusion and Sustainable Development in Himachal Pradesh) રજૂ કર્યો. તેના મુજબ પ્રત્યેક માથાદીઠ આવકની બાબતે હિમાચલ પ્રદેશ સમગ્ર દેશમાં બીજા સ્થાને છે. હિમાચલ પ્રદેશ પ્લાસ્ટિકની થેલી પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવનાર પ્રથમ રાજ્ય છે. હિમાચલ પ્રદેશ ઉત્તર ભારતમાં ખુલ્લામાં શૌચથી મુક્ત પ્રથમ રાજ્ય છે. અહીંની 90 ટકા વસ્તી ગામડાઓમાં રહે છે.



www.crackgpsc.com

- જસપાલસિંહ કંધારીને ચંદીગઢમાં સર્વાનુમતે જિમ્નેસ્ટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (GFI) ના અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા. પંજાબ જિમ્નેસ્ટિક્સ એસોસિએશનના ડૉ. બી. એસ. ધુમનને GFI ના મુખ્ય સચિવ ચૂંટવામાં આવ્યા.
- કેન્દ્રિય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને માળખાગત વિકાસ નિગમ લિમિટેડ (National Highways and Infrastructure Development Corporation Limited – NHIDCL) ની વેબસાઇટ www.nhidcl.com અને લોગો લૉન્ચ કર્યો.
- રમતગમત મંત્રાલય દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર, ઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર ખેલાડીને સરકાર તરફથી 75 લાખ, સિલ્વર મેડલ જીતનારને 50 લાખ અને બ્રોન્ઝ મેડલ જીતનારને 30 લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવશે. આ પહેલાં તેના માટે ક્રમશઃ 50 લાખ, 30 લાખ અને 20 લાખ રૂપિયા આપવામાં આવતા હતા. આ જ રીતે એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સ માટે રકમ 20, 10 અને 6 લાખની રકમ વધારીને ક્રમશઃ 30, 20 અને 10 લાખ રૂપિયા કરી દીધા.
- ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતના ગાંધીનગરમાં તાલુકા યોજના એટલાસ **(Taluka Planning Atlas – TPA)** **ની શરૂ કરી. TPA વિવિધ સુવિધાઓ અને યોજનાઓની વર્તમાન સ્થિતિ વિષેની ચોક્કસ માહિતી પૂરી પાડવા માટે સંબંધિત વિસ્તારોમાં વિકાસના અસરકારક નિર્ણય લેવામાં સ્થાનિક સત્તાવાળાઓને સક્ષમ કરવાનો પ્રયત્ન છે. તે દરેક તાલુકામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, આરોગ્ય કેન્દ્રો, ડેરી, કોલ્ડ સ્ટોરેજ, પશુ ચિકિત્સા ક્લીનિક, પીવાના પાણી અને બેંકો જેવી સુવિધાઓની સંખ્યા વિશેની માહિતી આપે છે.**



- ગોરખા નેશનલ લિબરેશન ફ્રન્ટના સંસ્થાપક સુભાષ ઘીસિંગનું અવસાન થયું. તેઓ 1980ના દાયકામાં ગોરખાલેન્ડ આંદોલન ઊભું કરનારાઓમાં અગ્રણી હતા. સુભાષ ઘીસિંગે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જીલ્લામાં રહેનારા વંશીય ગુરખા લોકો માટે અલગ રાજ્યની માંગણી કરતાં 1980માં ગોરખા નેશનલ લિબરેશન ફ્રન્ટ (GNLF) ની સ્થાપના કરી. તેઓ 1954માં ભારતીય સેનાની ગોરખા રાઈફલ્સમાં ભરતી થયા, પરંતુ 1960માં તેને છોડી દીધું. વર્ષ 1968માં ગોરખાઓના અધિકારોની સુરક્ષા માટે રાજકીય સંગઠન બનાવ્યું અને તેને 'નીલો ઝંડા' નામ આપ્યું.
- ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC) વર્ષ 2016ના ટી20 વિશ્વ કપનું આયોજન ભારતમાં કરવાની જાહેરાત કરી. ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2015ના ફાઈનલમાં ટાઈ થવાની સ્થિતિમાં

www.crackgpsc.com

સુપર ઓવરનો ઉપયોગ કરવામાં આવશે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2017 ઈંગ્લેન્ડમાં, ICC વિમેન્સ વર્લ્ડ કપ 2017 ઈંગ્લેન્ડમાં, ICC વિમેન્સ ટી20 વર્લ્ડ કપ 2018 વેસ્ટઈન્ડિઝમાં યોજવામાં આવશે. ICC ક્રિકેટ વર્લ્ડ કપ 2019 ઈંગ્લેન્ડમાં યોજવામાં આવશે.

- વિખ્યાત સંગીતકાર અને અભિનેતા શેખર સેન સંગીત નાટક એકેડેમીના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા.
- ઇન્ડિયન ફોરેન સર્વિસીઝ (IFS) ના અધિકારી એસ. જયશંકરે વિદેશ સચિવનો પદભાર ગ્રહણ કર્યો. એસ. જયશંકરે સુજાતા સિંહનું સ્થાન લીધું. ભારતના વિદેશ સચિવ નિયુક્ત થયા પહેલાં એસ. જયશંકર અમેરીકામાં ભારતના રાજદૂત હતા. વિદેશ સચિવ તરીકે તેમનો કાર્ય સમયગાળો બે વર્ષનો છે. ભારત સરકારે સુજાતા સિંહને વિદેશ સચિવના પદેથી દૂર કર્યાં. આ પહેલાં વર્ષ 1987માં રાજીવ ગાંધીએ એપી વેંકેટેશ્વરણને વિદેશ સચિવ પદેથી દૂર કર્યા હતા. ચોકિલા ઐયર અને નિરુપમા રાવ પછી સુજાતા સિંહ વિદેશ સચિવ બનનાર ત્રીજી મહિલા હતાં.
- ભૂતપૂર્વ ગોલ્ફર કેલ્વિન ડેવિડ જ્યોર્જ નાગલેનું ઓસ્ટ્રેલિયામાં નિધન થયું. તેમણે રેકોર્ડ 61 ઓસ્ટ્રેલિયન PGA ટૂરના ખિતાબ જીત્યા.
- ICC એ સ્પૉટ ફિક્સિંગના આરોપી પાકિસ્તાનના ફાસ્ટ બોલર મોહમ્મદ આમિર પર લગાવેલો પાંચ વર્ષનો પ્રતિબંધ દૂર કર્યો. આમિર પર સ્પોટ ફિક્સિંગમાં સંકળાયેલ હોવાના કારણે છ મહિનાની જેલની સજા સાથે પ્રતિબંધ લગાવાયો હતો.
- રક્ષા સંશોધન અને વિકાસ સંગઠને (Defence Research and Development Organisation-DRDO) આંધ્રપ્રદેશના ક્રિષ્ના ડેલ્ટા પરિસરની નજીક મિસાઇલ લોન્ચિંગ ટેસ્ટ માટે રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડની મંજૂરી પ્રાપ્ત કરી. આ સ્થળ ઓલિવ રિડલે કાચબાઓનું નીડલ સ્થળ (નેસ્ટિંગ સાઇટ) છે.
- નિવૃત્ત ન્યાયાધીશ એ. પી. શાહના નેતૃત્વમાં ભારતના 20મા કાયદા આયોગે પોતાનો 253મો અહેવાલ કેન્દ્ર સરકારને સોંપ્યો. તે રિપોર્ટમાં લો કમિશને ભારતમાં વેપારી અદાલતો સ્થાપવાની માંગણી કરી છે જેથી કોઈ વિલંબ કર્યા વિના સમયસર કોઈ પણ વિવાદને ઉકેલી શકાય.
- અંકટાડ તરફથી રજૂ કરાયેલ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ મોનીટર રિપોર્ટ અનુસાર વર્ષ 2014માં વિશ્વમાં Foreign direct investment (FDI) રોકાણમાં 8 ટકાનો ઘટાડો થયો. વર્ષ 2014 માં સૌથી વધુ રોકાણ ચીનમાં કરવામાં આવ્યું.
- એસ. લક્ષ્મીનારાયણનની શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કંપની લિમિટેડ (STFC)ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી. શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કંપની લિમિટેડ, ભારતની સૌથી મોટી ટ્રક ધિરાણ (financing) કંપની છે.

www.crackgpsc.com

- વેસ્ટઈન્ડિઝના ઓલરાઉન્ડર ડ્વેન બ્રાવોએ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી.
- ટપાલ વિભાગે મહાત્મા ગાંધીની પુણ્યતિથિ ‘શહીદ દિન’ ના અવસરે સ્વચ્છ ભારત વિષય પર સ્મારક સ્ટેમ્પ રજૂ કરી.
- ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગાંધીનગરમાં ઈ-ગવર્નન્સ પર 2 દિવસની 18મી નેશનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું.
- હોલેન્ડના ભૂતપૂર્વ રાષ્ટ્રીય કોચ પોલ વેન એસને ભારતની રાષ્ટ્રીય પુરુષ હોકી ટીમના કોચ નિમવામાં આવ્યા. તેમણે ઓસ્ટ્રેલિયાના ટેરી વૉલ્શનું સ્થાન લીધું. તેના સિવાય ન્યુઝિલેન્ડના એન્થોની થોર્ન્ટનને મહિલા હોકી ટીમના કોચ નિમવામાં આવ્યા. ભારત 2018ના પુરુષ હોકી વિશ્વ કપનું આયોજન કરશે.
- ક્રિષ્ના ચૌધરીની ભારત-તિબેટ બોર્ડર પોલીસ (Indo-Tibetan Border Police - ITBP) ના ડિરેક્ટર જનરલ (DG) તરીકે નિમણુક કરવામાં આવી. ક્રિષ્ના ચૌધરી સુભાષ ગોસ્વામીનું સ્થાન લેશે. ITBP ના ડિરેક્ટર જનરલનું સ્થાન 31 ડિસેમ્બર 2014 ના સુભાષ ગોસ્વામીની નિવૃત્તિ થયા પછી ખાલી પડી રહ્યુ હતું.
- ભારતે સ્વદેશનિર્મિત સપાટીથી સપાટી પર પ્રહાર કરી શકે તેવી અને અણુશસ્ત્રો લઈ જવામાં સક્ષમ આંતરખંડીય બેલિસ્ટિક મિસાઈલ અગ્નિ 5નું સફળ પરીક્ષણ કર્યું. 5000 કિલોમીટર સુધી પ્રહાર કરી શકે તેવી ક્ષમતાવાળી મિસાઇલ સમગ્ર એશિયા તથા યુરોપના ઘણા વિસ્તારોમાં કોઈ પણ લક્ષ્ય પર સચોટ નિશાન સાધી શકે છે. 50 ટન વજનની આ મિસાઇલ તેની સાથે 1 ટનથી વધુ વજનનાં પરમાણુ શસ્ત્રો લઈ જવામાં સક્ષમ છે. આ મિસાઇલને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશને (DRDO) તૈયાર કરી છે. અત્યાર સુધી આવી ક્ષમતા ધરાવતી મિસાઇલ માત્ર સંયુક્ત રાષ્ટ્ર પરિષદના કાયમી સભ્યો - ચીન, ફ્રાન્સ, રશિયા, અમેરિકા અને બ્રિટન પાસે છે. સૌથી ઝડપી ગતિ ધરાવતી આ પ્રથમ એવી મિસાઇલ હતી જેણે ભૂમધ્યરેખાને પાર કરી.



www.crackgpsc.com